Monday 26, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપી વેસ્ટમાં સીસીટીવી માટે મનપાને પોલીસની દરખાસ્ત

### જુદા જુદા વિસ્તારોમાં ૩૫થી ૪૦ સીસીટીવી કેમેરા ગોઠવવાની જરુરીયાત દર્શાવાઈ : નગરપાલિકા સમયથી આ જરુરીયાત વર્તાઈ રહી છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** શહેરમાં વધી રહેલી ચોરી, છેડતી અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને વાપી ટાઉન પોલીસે પશ્ચિમ વિસ્તારમાં અલગ અલગ પોઈન્ટ ઉપર આશરે ૩૫થી ૪૦ સીસીટીવી કેમેરા લગાવવા માટે મહાનગર પાલિકાને દરખાસ્ત મોકલી છે. પોલીસે નામધા, ચંડોર, બલીઠા, સલવાવ, કુંતા, વટાર, ઝંડા ચોક, દમણ રોડ, વિવિધ રિંગ રોડ તેમજ વાપી શહેરના વિવિધ મહત્વના પોઈન્ટ નક્કી કર્યા છે. આ તમામ સ્થળોએ ભારે વાહન વ્યવહાર, બજાર અને જાહેર સ્થળો આવેલા છે, જ્યાં સતત નજર રાખવી જરૂરી છે. પોલીસનું માનવું છે કે આ કેમેરા લાગ્યા બાદ ગુનેગારો



પર સતત નજર રહેશે અને કોઈ પણ બનાવ બન્યા બાદ તાત્કાલિક તપાસમાં મદદ મળશે. મહાનગર પાલિકા દ્વારા આ સીસીટીવી કેમેરા પીપીપી એટલે કે પબ્લિક પાર્ટનરશીપમાં લગાવવામાં આવશે. આ અંગેની કામગીરી ઝડપી બને તે માટે કેમેરાનું સર્વર રૂમ પોલીસ સ્ટેશન નજીક બનાવી આપવાની વિચારણા પણ મનપા દ્વારા કરવામાં આવી રહી છે. જેથી પોલીસને ફૂટેજ જોવા અને સાચવવામાં સરળતા રહે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ નગર પાલિકા સમયે પણ અનેક વખત પોલીસ પાસેથી સીસીટીવી કેમેરા માટે સૂચનો મંગાવવામાં આવ્યા હતાં. પરંતુ તેના ઉપર કોઈ નક્કર કામગીરી થઈ ન હતી. દરખાસ્તો ફાઈલોમાં જ દબાયેલી રહી હતી. જોકે હવે વાપી મહાનગર પાલિકા બન્યા બાદ આ દરખાસ્ત અમલમાં મૂકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ પ્રોજેક્ટ પૂર્ણ થશે તો વાપી પશ્ચિમ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને નાગરિકોમાં પણ વિશ્વાસ વધશે.

## પેચવર્કને પગલે બલીઠાથી સલવાવ સુધી ટ્રાફિકજામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી નેશનલ હાઈવે નં. ૪૮ પર આજે સવારથી વાહન ચાલકો ભારે ટ્રાફિક જામમાં ફસાયા હતાં. હાઈવે ઓથોરિટી દ્વારા રોડ પર પેચવર્ક અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હોવાથી બલીઠા બ્રિજથી સલવાવ સુધી વલસાડ તરફ જતી લેનમાં વાહનોની એક કિલોમીટર લાંબી લાઈન લાગી ગઈ હતી. ટ્રાફિક પોલીસને જાણ કર્યા વિના અચાનક શરૂ કરાયેલી કામગીરીને કારણે નાના-મોટા વાહનો ધીમી ગતિએ પસાર થતાં જોવા મળ્યા હતાં. ખાસ કરીને ટ્રક અને કન્ટેનર ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઓફિસ અને કંપનીએ જતાં કર્મચારીઓ પણ સમયસર પહોંચી શક્યા ન હતાં. સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે હાઈવે પર આવી કામગીરી પીક અવર્સ સિવાય રાત્રિના સમયે કરવામાં આવે જેથી ટ્રાફિક જામની સમસ્યાથી બચી શકાય.

## વલસાડ મોગરાવાડીમાં બિસ્માર રસ્તાથી ત્રસ્ત રહીશોની ચીમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ નગરપાલિકા વિસ્તાર હેઠળ આવતા મોગરાવાડીના રહીશો વર્ષોથી ખખડધજ અને જોખમી રસ્તાઓની સમસ્યા વેઠીને હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્ર અને સ્થાનિક નેતાઓની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. જાગૃત નાગરિકોએ એકઠા થઈને વહીવટી તંત્ર સામે સીધો મોરચો માંડ્યો છે અને આગામી ચૂંટણીઓમાં રસ્તો નહીં તો વોટ નહીંનું સ્પષ્ટ એલાન કર્યું છે.

વર્ષોથી મોગરાવાડીના રસ્તાઓ ગંદા અને ઊંડા ખાડા-ટેકરાથી ભરેલા છે. ચોમાસાની ઋતુમાં સમગ્ર વિસ્તારમાં કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાઈ જાય છે. ખાડાઓમાં પાણી ભરાઈ રહેવાથી રોગચાળો ફેલાવાનો ભય રહે છે, જ્યારે બીજી તરફ સ્કૂલે જતા બાળકો, વડીલો અને દર્દીઓ માટે આ માર્ગ પરથી પસાર થવું જોખમી બની ગયું છે. રહીશોએ વેધક સવાલ ઉઠાવ્યો હતો કે, શું મોગરાવાડીના નાગરિકોને પ્રાથમિક સુવિધા તરીકે સારો રસ્તો મેળવવાનો પણ અધિકાર નથી ? મોગરાવાડીના તમામ રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરી નવા પાકા (ડામર/સીસી) રસ્તા બનાવવામાં આવે, વર્ષોથી રસ્તાના કામમાં થઈ રહેલા અસહ્ય વિલંબનું ચોક્કસ અને સત્તાવાર કારણ જાહેર કરવામાં આવે, રસ્તા નિર્માણના અગાઉના કામો અને ફાળવાયેલી ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થયો છે કે કેમ તેની તટસ્થ તપાસ કરવામાં આવે, મોગરાવાડીના ત્રસ્ત રહીશોએ નગરપાલિકા સત્તાધીશો, સ્થાનિક કોર્પોરેટર, સાંસદ અને જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે હવે માત્ર પોકળ વાયદાઓથી કામ નહીં ચાલે. જો પ્રશાસન તાકીદે રસ્તાનું કામ શરૂ નહીં કરે, તો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ અને કોર્પોરેટરે તેના ગંભીર રાજકીય પરિણામો ભોગવવા પડશે. આ મુદ્દે સમગ્ર વિસ્તાર એકમત થઈને ઉગ્ર આંદોલન અને મતદાન બહિષ્કારના માર્ગે આગળ વધવાની તૈયારી કરી રહ્યો છે.

## અંબાચના વૃદ્ધાનું અકસ્માતમાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૫ :** પારડી તાલુકાના અંબાચ ગામના વાઘસર ફળિયામાં રહેતાં રંગુબેન ઉકાભાઈ પટેલ ઉં.વ. ૭૦ દૂધ ભરવા માટે નજીકની ડેરીએ ગયાં હતાં. દૂધ ભરીને ઘરે પરત ફરવા માટે તેઓ અંબાચથી ખેરલાવ તરફ જતાં માર્ગ પર રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. ત્યારે ટીવીએસ મોટરસાઈકલ નં.GJ-15-NN-4536ના ચાલક મુકેશભાઈ રમણભાઈ પટેલ (રહે. અંબાચ, ભાવિશા ફળિયું)એ મોટરસાઈકલ પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેમને અડફેટે લીધાં હતાં અકસ્માતમાં રંગુબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને પારડીની કુરેશી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં હતાં.

જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.
















# ચીખલીના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ ડાંગરની કાપણી શરૂ કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલીતા.૨૫ :** ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ વાવેલ ડાંગરની કાપણી શરૂ થતા મજૂરો ડાંગરની કાપણીમાં જોડાતા ચીખલી બજારમાં ગ્રાહકોની અવર-જવર ઓછી થઈ જતા વેપારીઓમાં ચિંતાનું મોજુ જોવા મળી રહ્યું છે અને આ વખતે દિવાળી કેવી જાય તેની ચિંતા કરી રહ્યા છે.

ચીખલી તાલુકામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ થતા તેમજ નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાતા કેટલાક ગામોમાં પાણી ફરી વળતા લોકોની ઘરવખરીની ચીજ વસ્તુ સહિત ઘરો પણ તૂટી ગયા હતા અને સરકારી સહાય પણ નહિ મળતા હવે લોકો દિવાળીના તહેવાર પણ ફીક્કો જશે તેવી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે જોકે હાલમાં ખેડૂતોએ ખેતરમાં વાવેલ ડાંગરની કાપણી શરૂ કરતાં લોકો ડાંગરની કાપણીમાં જોડાયા છે જોકે ખેડૂતો દ્વારા ડાંગરની કાપણી શરૂ કરાતા મજૂરો મળવા મુશ્કેલ બની ગયા છે એક સાથે ખેડૂતોએ ડાંગરની કાપણી શરૂ કરતાં મજૂરો ઓછા મળી રહ્યા છે જોકે આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર નજીક હોય મજૂરો દિવાળી સમય દરમિયાન દિવાળી સારી જાય તે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે તો બીજી તરફ ખેડૂતોએ ડાંગરની કાપણી શરૂ કરી પરંતુ કુદરતી આફત ન સર્જાઈ અને કમોસમી વરસાદ ન પડે તે માટે ખેડૂતો પણ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે હાલમાં ચીખલી બજારમાં ગ્રાહકોની અવરજવર ઓછી રહેતા વેપારી આલમમાં પણ આ વર્ષની દિવાળી કેવી જશે તેની ચિંતા કરી રહ્યા છે.

# બીલીમોરામાં દિવાળી ટાણે વેપારીઓની સુરક્ષા માટે બેઠક યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૨૫ :** આગામી દિવાળીના તહેવારોને ધ્યાને રાખી બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટવાની શક્યતા રહે છે. આ તહેવારી સીઝનમાં સોના-ચાંદીના વેપારીઓ તથા આંગડિયા પેઢીઓની સલામતી સુનિશ્ચિત કરવા અને કોઈપણ પ્રકારના અનિચ્છનીય ગુનાહિત બનાવો અટકાવવા માટે બીલીમોરા પોલીસ સભાખંડ ખાતે શનિવારે મહત્વપૂર્ણ સુરક્ષા બેઠક યોજાઈ હતી.

ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં સ્થાનિક સોના-ચાંદીના વેપારીઓ તથા આંગડિયા પેઢીના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તહેવારો દરમિયાન લૂંટ, ચોરી, કે ચીલઝડપ જેવી ઘટનાઓ ન બને તે માટે




પોલીસ દ્વારા વેપારીઓ સાથે સુરક્ષા વ્યવસ્થા અંગે સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન બીલીમોરા પીઆઈ અશ્વિન સરવૈયાએ વેપારીઓને સલામતી અંગેના જરૂરી માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મોટી રોકડ રકમ કે કીમતી ચીજવસ્તુઓની એક સ્થળેથી બીજા સ્થળે હેરફેર કરતી વખતે વેપારીઓએ પૂરતી સુરક્ષા વ્યવસ્થા જાળવવી અનિવાર્ય છે. ઉપરાંત, કોઈપણ મોટી રકમનું પરિવહન કરતાં પહેલાં અગાઉથી પોલીસ તંત્રને જાણ કરવા અનુરોધ કર્યો હતો, જેથી જરૂર જણાયે તાત્કાલિક પોલીસ સુરક્ષા કે પેટ્રોલિંગ ઉપલબ્ધ કરાવી શકાય.

બેઠકમાં નગરના અગ્રણી વિજયભાઈ, આર એ પરીખના શેતલ માંડલિયા સહિતના વેપારી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને પોલીસ પ્રશાસન સાથે સહકાર આપવાની ખાતરી ઉચ્ચારી હતી. સમગ્ર બેઠકનું સફળ આયોજન ધર્મિષ્ઠાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. પોલીસની આ આગોતરી કવાયતથી વેપારી આલમમાં સુરક્ષાની ભાવના વધુ સુદ્રઢ બની છે.

## પાર્થમય અને અક્ષત ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગથી
# અમલસાડ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૨૫ :** પાર્થમય, અક્ષત ચેરીટેબલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ ઓફ ગણદેવીના સંયુક્ત ઉપક્રમે રવિવારે ૩૧મો વાર્ષિક રક્તદાન કેમ્પ અમલસાડ મહેતાવાડી ખાતે યોજાયો હતો. જીવનભર રક્તદાન થકી સમાજસેવામાં અગ્રેસર રહેલા સ્વ. દર્શન નાયકના સ્મરણાર્થે આયોજિત કેમ્પમાં રક્તદાતાઓનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં ૨૦૧ પુરુષો અને ૬૧ મહિલાઓ સહિત કુલ ૨૬૨ રક્ત યુનિટ એકત્ર થયા હતા. આ કેમ્પમાં ૧૪ દંપતીઓએ સાથે મળીને રક્તદાન કર્યું હતું, જ્યારે ૧૦ નવયુવાનોએ જીવનમાં પ્રથમ વખત રક્તદાન કર્યું હતું. વિશેષ આકર્ષણરૂપે અમલસાડ કાયા તળાવના અશોક સુમંતભાઈ પટેલે ૧૧૮મી વખત રક્તદાન કરી અન્યો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સાથે જ પાર્થમય પરિવાર દ્વારા આયોજિત શિબિરો થકી અત્યાર સુધીમાં કુલ ૬૬૦૦ જેટલા રક્ત યુનિટ એકત્ર કરવાનો માનવતાવાદી સીમાચિહ્ન સર થયો છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી પટેલ, પાર્થમય પરિવારના અજય મહેતા, એનએમપી બ્લડ બેંકના તેજસ શાહ, રોટરી ક્લબ ઓફ ગણદેવીના સેક્રેટરી દીપક નાયક, અક્ષત ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી દુષ્યંત નાયક અને ટ્રસ્ટીઓ, અમલસાડ ઉપસરપંચ નિલેશ નાયક, ગણદેવી પીપલ્સ બેંકના મિતેશ જોશી તથા અગ્રણીએ ઉપસ્થિત રહીને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે 'રક્તદાન એ જ મહાદાન' છે અને એકત્ર થયેલું આ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થશે. કેમ્પમાં સહભાગી બનેલા તમામ રક્તદાતાઓને પ્રોત્સાહનરૂપે કેસરોલ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ટ્રસ્ટે તમામ સહયોગીઓ તથા સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# આહવામાં ગ્રામ્ય માર્ગો પર ડામર પેચ વર્ક શરૂ



**આહવા, તા.૨૫ :** ચોમાસાની ઋતુ પૂર્ણ થતાંની સાથે જ રસ્તાઓના પુનઃનિર્માણ અને સમારકામ અર્થે ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાઢવી-જામલાપાડા રોડ, પિપલાઈદેવી -ધવલીદોડ રોડ અને કાહડોધોડી મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ પુરવા માટે ડામર પેચ વર્કની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.

વરસાદના કારણે આ વ્યસ્ત માર્ગ પર ખાડા પડી જવાથી વાહનચાલકો અને સ્થાનિક રહીશોને મુસાફરીમાં ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. ચોમાસું વિધિવત પૂર્ણ થતાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પેચ વર્ક કામગીરી વર્ક શરૂ કરવામાં આવી છે. આ રસ્તાનું સમારકામ સત્વરે પૂર્ણ થવાથી વાહનવ્યવહાર વધુ સુગમ અને સુરક્ષિત બનશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીનો મુખ્ય હેતુ માર્ગની સપાટીને સુદ્રઢ બનાવી વાહન વ્યવહારને વધુ સુગમ બનાવવો, વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવી, સંભવિત અકસ્માતોને અટકાવવા તેમજ માર્ગની ગુણવત્તામાં સુધારો કરવો માટેનો છે.

# ડાંગમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોગ અને ધ્યાન શિબિરો યોજાઈ



**આહવા, તા. ૨૪ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ અને ધ્યાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈ; કે.જી.બી.વી. સ્કૂલ, આહવા; આદર્શ નિવાસી શાળા, વઘઈ તથા સરકારી કન્યા છાત્રાલય, ડ્રાય, વઘઈ ખાતે આ શિબિરો યોજાઈ હતી.

આ તમામ કાર્યક્રમોમાં શાળા-કોલેજના સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિર દરમિયાન યોગ અને ધ્યાનના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યોગ દ્વારા શારીરિક સ્વાસ્થ્ય જાળવવાની સાથે માનસિક શાંતિ, એકાગ્રતા અને સકારાત્મક જીવનશૈલી કેળવવા અંગે પણ સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડે દ્વારા યોગ અને ધ્યાન વિષય પર યોગ સંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં યોગના દૈનિક જીવનમાં મહત્ત્વ, ધ્યાન દ્વારા મનની એકાગ્રતા વધારવા તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમોમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનર શાહીરામભાઈ આહિર, દક્ષાબેન ગામીત, ભાવનાબેન અને શશીકલાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ યોગ અને ધ્યાનના પ્રચાર-પ્રસાર તથા વિદ્યાર્થીઓમાં યોગ પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી સહયોગ આપ્યો હતો.

ડાંગ જિલ્લામાં યોજાયેલા આ તમામ કાર્યક્રમો જિલ્લા યોગ કો-ઓર્ડીનેટર પ્રિયંકા ભોયેના માર્ગદર્શન હેઠળ આયોજનબદ્ધ રીતે સંપન્ન થયા હતા. સેવા સંકલ્પ અભિયાનના માધ્યમથી વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ તથા ધ્યાન પ્રત્યે જાગૃતિ વધે અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ વધુ વ્યાપક બને તેવો હેતુ સાકાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ખેરગામ તાલુકામાંથી સેવા સંકલ્પ અભિયાન યાત્રામાં જોડાયેલા ચાર યુવાનોનું સન્માન કરાયું




**ખેરગામ, તા.૨૫ :** વલસાડના સંસદસભ્ય કાર્યાલય ખાતે વલસાડ-ડાંગ લોકસભાના દંડક - સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા વિશેષ સન્માન સમારોહ આયોજીત કરી નવસારી જિલ્લા ભાજપ યુવામંત્રી સૂરજભાઈ પટેલ, ભાજપ સો. મીડિયા ઈન્ચાર્જ યુવા રિયાંક પટેલ, હિરેન,દર્શન,પ્રિયાંજ હળપતિ સહ ખેરગામ તાલુકામાંથી સેવા સંકલ્પ અભિયાન યાત્રામાં જોડાયેલા ચાર ઉત્સાહી યુવાનો- (ડાબેથી) સાદકપોરના પ્રિયાન્જ, પરિમલ-આછવણી, રિયાન્ક- બહેજ અને સૂરજ-ખેરગામ, શિવેન્દ્ર- વાંસદા, દર્શન-કોલવાડ નું ધવલભાઈ સાંસદ પટેલ જી.પ.પ્રમુખ હેતલ પટેલ, વલસાડ. અરવિંદ પટેલ ધારાસભ્ય અને હેમંત કંસારા ભાજપ પ્રમુખ દ્વારા અભિવાદન સહ સન્માનપત્ર આપી બહુમાન કરવામા

આવ્યું હતું. યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષના સુશાસન, સેવા અને રાષ્ટ્રસમર્પણની યાત્રાથી પ્રેરિત થઈને તા. ૧૭/૯ વડનગરથી તા. ૭/૧૦ વારાણસી સુધીની ૩,૨૦૦ કિમી ની બાઈક યાત્રા જર્ની ઓફ સેવા અંતર્ગત- 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬'નું આયોજન નિર્વિઘ્ને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. આ યાત્રામાં ૨૦ ટીમ સહભાગી બની હતી.

# નવસારી કેવીકે ખાતે IIT નિષ્ણાંતો દ્વારા નવીન સ્પ્રેયર ટેક્નોલોજીનું સફળ નિદર્શન



**નવસારી, તા.૨૫ :** કૃષિ યુનિવર્સિટી હેઠળ કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે), નવસારી દ્વારા ગત ૨૧ ઓક્ટોબરના રોજ પ્રાકૃતિક ખેતીમાં યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવાના શુભ આશયથી ડાંગર સહિતના વિવિધ ખેતપાકોમાં ઉપયોગી નવીન સ્પ્રેયર ટેક્નોલોજીના નિદર્શન તથા તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેવિકેના વૈજ્ઞાનિક અને વડા ડૉ. એસ. આર. સાલુંખેએ કેન્દ્રની વિવિધ સિદ્ધિઓ તથા ચાલુ પ્રવૃત્તિઓની માહિતી રજૂ કરી હતી. આ તાલીમ દરમિયાન IIT ખડગપુરના નિષ્ણાતો ગૌરવ પ્રસાદ શર્મા, લવિશ શર્મા અને સુનીલ ત્રિવેદી દ્વારા પ્રાકૃતિક ખેતીમાં યાંત્રિકીકરણના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગૌરવ પ્રસાદ શર્માએ ડાંગર સહિતના પાકોમાં પ્રવાહી કૃષિ ઈનપુટ્સના ચોક્કસ અને ઝડપી છંટકાવ માટે વિકસાવવામાં આવેલી નવીન સ્પ્રેયર ટેક્નોલોજીનું પ્રાયોગિક નિદર્શન કરી, તેનાથી છંટકાવની કાર્યક્ષમતા વધારવા તથા ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ કેવિકે ખાતેના કુદરતી ખેતીના નિદર્શન પ્લોટ અને કુદરતી ખેતી ઈનપુટ એકમની પ્રત્યક્ષ મુલાકાત લઈ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. નવસારી જિલ્લાના ખેડૂતભાઈઓ અને બહેનોની ઉત્સાહભેર ભાગીદારી ધરાવતા આ કાર્યક્રમમાં મહાનુભાવોએ કેવિકે, નવસારી દ્વારા નવીન કૃષિ ટેક્નોલોજી અને યાંત્રિકીકરણના પ્રસાર અર્થે કરવામાં આવી રહેલા સરાહનીય પ્રયાસોને બિરદાવ્યા હતા.

કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. આર. એમ. નાયક, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એચ. આર. શર્મા, સંશોધન નિયામક ડૉ. ટી. આર. આહલાવત, સહ સંશોધન નિયામક તથા કુદરતી ખેતીના નોડલ અધિકારી ડૉ. લલિત મહાત્મા અને સહ સંશોધન નિયામક ડૉ. વી. આર. નાઈકની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ચીખલીમાં ચૈતર વસાવાના સમર્થનમાં પહોંચેલી ન્યાય યાત્રા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલીતા.૨૫ :** ઉમરગામથી અંબાજી સુધી ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી ન્યાય યાત્રા શરૂ કરાતા જે આજરોજ ચીખલી ખાતે પહોંચતા ચીખલી ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં આપના કાર્યકરો અને આદિવાસી પરિવારો ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેન વસાવા અને શંકુતલાબેન વસાવાએ જણાવ્યું કે ઘરમાં એક સભ્ય ન હોવાથી પરિવાર ઉપર કેવી આપવીતિ પડતી હશે જે તમે કલ્પના કરી શકો. ચૈતર વસાવા આદિવાસી સમાજ માટે લડી રહ્યો છે ત્યારે આજે સરકાર દ્વારા એમને જેલમાં ધકેલી દેતાં આજે અમને તમારા સહકારની જરૂર છે અને આ ન્યાય યાત્રા ૪ નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતે પહોંચશે. ત્યારે તમારી ઉપસ્થિતિ હોય એમ જણાવ્યું હતું અને તમારો સહકારની અપેક્ષા રાખીએ છીએ. આ ન્યાય યાત્રામાં ગોપાલ ઇટાલીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૬-૧૦-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** આસો વદ, એકમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૫ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૧, **ચંદ્રોદય** - ૦૬:૦૨ **ચંદ્રાસ્ત** - ૦૭:૪૩ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - અશ્વિની

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સપ્તાહની શરૂઆત ખૂબ જ ઉત્સાહજનક રહેશે. નોકરી કે વ્યાપારના ક્ષેત્રમાં કોઈ મોટો આર્થિક લાભ અથવા સારા સમાચાર મળી શકે છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારા ભાગ્યના સિતારા મજબૂત રહેશે. અટકેલા કાર્યો સરળતાથી પૂરા થતાં આત્મવિશ્વાસ વધશે.
**મિથુન(ક.છ.ઘ) :** નવા કામની શરૂઆત કરવા માટે આજનો દિવસ અત્યંત સાનુકૂળ અને લાભદાયી છે. તમારી મહેનતનું સાચું પરિણામ મળતા માન-સન્માન વધશે.
**કર્ક(ડ.હ) :** ભૌતિક સુખ-સુવિધાઓ અને ધનલાભના પ્રબળ યોગ છે. નોકરીયાત વર્ગને ઓફિસમાં નવી જવાબદારી અથવા પ્રમોશન મળી શકે છે.
**સિંહ(મ.ટ.) :** કાર્યસ્થળે ચાલી રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓનો તમે તમારી ચતુરાઈથી કુશળતાપૂર્વક ઉકેલ લાવી શકશો. ઉચ્ચ અધિકારીઓ તમારા કામથી પ્રભાવિત થશે.
**કન્યા(પ.ઠ.ણ.) :** કલા, મીડિયા અને સર્જનાત્મક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને નવી ઉત્તમ તકો મળી શકે છે. નોકરીની સ્થિતિ સારી રહેશે.
**તુલા (ર.ત.) :** લાંબા સમયથી ચાલી રહેલી આર્થિક ચિંતાઓનો અંત આવશે અને મન પ્રસન્ન રહેશે. આવકના નવા સ્રોત ઊભા થઈ શકે છે. મિત્રો કે જીવનસાથી સાથે સારો સમય વિતાવી શકશો.
**વૃશ્ચિક(ન.ય.) :** સમાજમાં તમારો પ્રભાવ અને પ્રતિષ્ઠા વધશે. કોઈ મહત્વપૂર્ણ અથવા વગદાર વ્યક્તિ સાથે મુલાકાત લાભદાયી નીવડશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** પરિવારમાં કોઈ માંગલિક પ્રસંગ કે ધાર્મિક આયોજન થવાની સંભાવના છે, જેનાથી ઉત્સાહનો માહોલ રહેશે. આર્થિક રીતે આવકમાં વધારો થશે.
**મકર(જ.ખ) :** તમારી બુદ્ધિ અને વાતચીતની શૈલીથી અટકેલા સરકારી કે કાનૂની કાર્યો પૂર્ણ કરી શકશો.
**કુંભ(ગ.શ.સ.) :** આજે આવકના નવા સ્રોત ઊભા થતાં આર્થિક લાભ થશે. વ્યાપારમાં મોટો ફાયદો થવાની સંભાવના છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** કાર્યક્ષેત્રમાં નવી મહત્વપૂર્ણ જવાબદારીઓ મળવાના કારણે માન-પ્રતિષ્ઠામાં વધારો થશે.

# દમણ રેડિયો
## 102.3 FM
આકાશવાણી
**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ
નં.૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૧૫નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

સ્થાનિક સમાચાર
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
Monday 26, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# વાપી પબ્લિક સ્કૂલમાં 'નક્ષત્ર એસ્ટ્રોનોમી બૂટ કેમ્પ' યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી પબ્લિક સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓમાં ખગોળશાસ્ત્ર પ્રત્યે જિજ્ઞાસા, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી તા. ૨૩ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ 'નક્ષત્ર એસ્ટ્રોનોમી બૂટ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. અવકાશ શિક્ષણ જિજ્ઞાસાને તપાસમાં, કલ્પનાને નવીનતામાં અને પ્રશ્નોને શોધખોળમાં પરિવર્તિત કરે છે. આ કેમ્પમાં વાપી અને ઉમરગામની કુલ ૧૨ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન શાળાનાં એક્ઝેક્યુટીવ ડીરેકટર એન્ડ સિનિયર પ્રિન્સીપાલ ડૉ. અલ્પા એસ. કોટડિયા અને ટ્રસ્ટી નવલ બંસલના હસ્તે કરવામાં આવ્યું હતું. ખગોળશાસ્ત્રી, અવકાશ વૈજ્ઞાનિક, એસ્ટ્રોફિઝિસિસ્ટ, અવકાશ સંશોધક તથા ઈસરો જેવી સંસ્થાઓમાં કારકિર્દી બનાવવાની સંભાવનાઓ વિશે માહિતી આપીને વિદ્યાર્થીઓને વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધવા અને પોતાની રુચિ અનુસાર ભવિષ્યનું ઘડતર કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. જેમાં માટી અને કાગળના માવામાંથી ગ્રહોની પ્રતિકૃતિઓ બનાવવી, કાગળના કપમાંથી રોકેટ તૈયાર કરવાં, મણકા અને દોરાની મદદથી તારામંડળ બનાવવાં, એલ્યુમિનિયમ ફોઈલમાંથી અવકાશયાત્રીનો પોશાક તૈયાર કરવો, અવકાશયાત્રીઓ માટે આશરે ૧૭૦૦ કેલરીના ભોજનનું આયોજન કરવું તથા જૂની સીડીની મદદથી સ્પેક્ટ્રોસ્કોપ બનાવવો જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત, કેમ્પમાં ઈસરોના વૈજ્ઞાનિકો દ્વારા રોકેટ, લેન્ડર અને ઉપગ્રહોનાં મોડેલનું પ્રદર્શન તથા સમજૂતી આપવામાં આવી હતી. પ્લેનેટેરિયમ દ્વારા દિવસ-રાતની ઘટના, ગ્રહણ અને બ્લેક હોલ જેવા વિષયોનું પ્રદર્શન અને સમજણ આપવામાં આવી હતી.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ સાંજના સમયે યોજાયેલું તારાનિરીક્ષણ (સ્ટાર ગેઝિંગ) રહ્યું હતું. આ અનુભવથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખગોળશાસ્ત્ર પ્રત્યે વધુ રસ અને જિજ્ઞાસા જાગૃત થઈ હતી. આ સમગ્ર આયોજન દ્વારા વાપી પબ્લિક સ્કૂલે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના જ્ઞાનની બહાર જઈને પ્રયોગો, નિરીક્ષણ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શીખવાની અનોખી તક પૂરી પાડી હતી. ૧૨ શાળાઓના સહભાગીઓએ રજૂ કરેલી નવીન કૃતિઓ અને ઉત્સાહે આ કેમ્પને સફળ અને યાદગાર બનાવ્યો હતો.

વાપી પબ્લિક સ્કૂલનો આ પ્રયાસ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવા, અવકાશ વિજ્ઞાન પ્રત્યે રસ વધારવા, કારકિર્દીની નવી દિશાઓથી પરિચિત કરાવવા અને ભવિષ્યના સંશોધકોને પ્રેરિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો હતો.

# વાપીની જ્ઞાનધામ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાન ધામ સ્કૂલ દ્વારા શાળાના મેદાનમાં ભક્તિભાવ અને ઉત્સવના ઉમંગ સાથે નવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

સાંજે ૪:૩૦ વાગ્યે મા અંબેની હૃદયસ્પર્શી આરતી સાથે કાર્યક્રમની શરૂઆત થઈ, જેમાં દૈવી આશીર્વાદની કામના કરવામાં આવી. શાળાના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને આમંત્રિત મહાનુભાવો પ્રાર્થનામાં જોડાયા ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ ઉજવણીમાં નિર્ણાયક તરીકે નીલ ભાવસાર, દર્શિતા શાહ ભાવસાર અને કુમારી હિરલ કન્હુરકર; પ્રાયોજક દર્શન દેસાઈ; GAPS ના પ્રમુખ રિપન ટાચક અને પૂર્વ પ્રમુખ કેતન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે શાળાના વરિષ્ઠ અને આદરણીય પદાધિકારીઓ – ડાયરેક્ટર અને આચાર્ય ઉમા તોમર તથા પૂર્વ આચાર્ય અચલા જોશી – પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ (સ્કૂલ કેબિનેટ) દ્વારા નિર્ણાયકોનું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વાલીઓ પણ શાળા પરિવાર સાથે આ રંગારંગ ઉજવણીમાં જોડાયા હતા અને તેમની ઉત્સાહપૂર્ણ હાજરીથી વાતાવરણમાં અનેરો આનંદ ભરી દીધો હતો. આચાર્ય પ્રવીણ સુબ્રમણ્યમે ઉપસ્થિત સૌને સંબોધતા "જ્ઞાન ધામ" સમુદાયના ઉત્સાહ, જોમ અને સક્રિય સહભાગિતાની પ્રશંસા કરી.

તેમણે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા અને આ ઉજવણીને ભવ્ય સફળતા અપાવવા બદલ સૌના સામૂહિક પ્રયાસોને બિરદાવ્યા. સાંજે ૭:૩૦ વાગ્યે ઈનામ વિતરણ સમારોહ સાથે કાર્યક્રમ સંપન્ન થયો, જેમાં પ્રતિષ્ઠિત મહાનુભાવોના હસ્તે વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# વાપી મનપાના તમામ ૧૩ વોર્ડમાં નવી એજન્સીઓ દ્વારા સફાઈ કામગીરી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સફાઈની કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે આગામી એક નવેમ્બર ૨૦૨૬થી તમામ ૧૩ વોર્ડમાં નવી એજન્સીઓ દ્વારા સફાઈ કામગીરી શરૂ કરવામાં આવશે. વોર્ડના વિસ્તાર અને તેની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સફાઈ કામદારોની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત, દરેક વોર્ડના સભ્યો પણ પોતાના વિસ્તારમાં સફાઈની કામગીરી પર ધ્યાન આપશે અને વિસ્તારને સ્વચ્છ રાખવા માટે જરૂરી સહયોગ આપશે.

પ્રાપ્ત વિગતો મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સફાઈની કામગીરી માટે અગાઉ ત્રણ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. જોકે, આ એજન્સીઓની કામગીરી સંતોષકારક ન હોવાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાંથી સફાઈને લઈને લોકો દ્વારા વારંવાર ફરિયાદો કરવામાં આવતી હતી. પરિણામે, શહેરમાં સફાઈની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકામાં સત્તાધીશોએ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તાત્કાલિક મ્યુનિસિપલ કમિશનર તેમજ વહીવટી તંત્ર સાથે ચર્ચા-વિચારણા કરી હતી. ત્યારબાદ મહાનગરપાલિકાના તમામ વોર્ડમાં નવી એજન્સીઓ મારફતે સફાઈ કામગીરી કરાવવા માટે મંજૂરી મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે આગામી ૧ નવેમ્બર ૨૦૨૬ થી નવી એજન્સીઓ દ્વારા તમામ ૧૩ વોર્ડમાં સફાઈ કામગીરી શરૂ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. વોર્ડના વિસ્તાર, વસતી અને સફાઈની જરૂરિયાતને અનુરૂપ સફાઈ કામદારોની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી દરેક વિસ્તારમાં નિયમિત અને યોગ્ય રીતે સફાઈ થઈ શકે. દરેક સભ્યોએ પણ પોતાના બોર્ડમાં સાફ-સફાઈ રાખવા માટે હવે માત્ર સફાઈ એજન્સીઓના ભરોસે રહેવાને બદલે દરેક વોર્ડના સભ્યોને પણ પોતાના વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સક્રિય ભૂમિકા ભજવી પડશે. સફાઈની કામગીરીમાં કોઈ ખામી જણાય તો તેના પર ધ્યાન આપીને સંબંધિત તંત્ર સુધી રજૂઆત કરવી તેમજ વિસ્તારને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવો જરૂરી બનશે.

# સંજાણ અંબામાતા મંદિરમાં ભાગવત કથા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** સંજાણ આમગામ રોડ ધોડિયાવાડ અંબામાતા મંદિર ના પટાગણ મા શારદીય નવરાત્રી અનુષ્ઠાન અંતર્ગત શરુ થયેલી સમર્થ કથાકાર પ્રફુલભાઈ શુક્લની શ્રીમદ્ દેવી ભાગવતકથા મા આજે છઠા દિવસે દેવી ભાગવતકથાના માતાજી ની કૃપા પ્રાપ્તિ માટેના શ્રેષ્ઠ માર્ગ ભક્તિ માર્ગની ચર્ચા કરવામાં આવી હતી.

આ પૂર્વે છઠ્ઠા દિવસનો દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. આચાર્ય અંકુરભાઈ શુક્લ, કિશનભાઈ દવે દ્વારા વેદ મંત્રોચાર કરવા મા આવ્યા હતા. ઉપસ્થિત શ્રોતાજનો તેમજ કથા ના મુખ્યયજમાન અને આયોજક ભાવનાબેન પ્રવીણકુમાર ગુપ્તા અને એમના પરિવાર દ્વારા પોથી તેમજ



વ્યાસપૂજન કરવામાં આવ્યું હતુ. કથાકાર પ્રફુલભાઈ શુક્લ એ વ્યાસપીઠ પરથી કહ્યુ હતુ કે જે ધારણ કરે છે એ ધર્મ છે, ભારત દેશ મહાપુરુષો અને ઋષિમુનીઓ નો છે, બહાર ના શત્રુઓ ને હણવા એ સરળ છે વિશાળ સંખ્યા મા ભાવિક ભક્તો માતાજી ના નામ સ્મરણ અને કીર્તન મા જોડાયા હતા. કથા મા ઉમરગામ બ્રહ્મ સમાજ અગ્રણી ચંદ્રકાન્તભાઈ શુક્લ,યુવા કથાકાર હાર્દિકભાઈ શુક્લ, દીપકભાઈ ચોપડીયા (S. T મોર્ચા પ્રદેશ મંત્રી ), રવુભાઈ વળવી(શ્રી રામ સેના પ્રદેશ સચિવ), મયુરભાઈ વખારીયા (રાષ્ટ્રીય સચિવ શ્રી રામ સેના), મદેશિયા વેશ્ય સમજ સેવા સંઘની ટિમ માતૃ શક્તિ અને મેહમાનો પધાર્યા હતા.

જેમનું સ્વાગત જયેશભાઈ જયસવાલ, નિશાંતભાઈ ગુપ્તા અને આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતુ. ચંદ્રકાન્તભાઈ શુક્લ અને હાર્દિકભાઈ શુક્લ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતુ.

ઉપસ્થિત શ્રોતાજનો એ મહાપ્રસાદનો લાભ લીધો હતો. કથા ને સફળ બનાવવા માટે આયોજકો સાર્વજનિક મિત્ર મંડળ ધોડિયાવાડ સંજાણ,મદેશિયા વૈશ્ય સમાજ સંઘ ઉમરગામ, ૐ સાંઈ પદયાત્રી મિત્ર મંડળ ભારે જેહમત ઉઠાવી રહ્યુ છે.

# વાપી નોટિફાઇડ વિસ્તારમાં રસ્તાઓનું રિપેરિંગ અને પેચવર્ક કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી નોટિફાઈડ વિસ્તારમાં ખરાબ થયેલા રસ્તાઓના સમારકામ માટે રૂ. ૧૦ કરોડના ખર્ચે રિપેરિંગ અને પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવશે. વાપી નોટિફાઈડ બોર્ડ ઓફ મેનેજમેન્ટની આજે યોજાયેલી બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

વાપી નોટિફાઈડ વિભાગની કચેરી ખાતે બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન મગનભાઈ સાવલિયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બોર્ડના સભ્યો યોગેશભાઈ કાબરીયા, રાજુલભાઈ શાહ, સતીશભાઈ પટેલ, ડી.આર. પટેલ, વાપી નોટિફાઈડના ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન નોટિફાઈડ વિસ્તારના વિવિધ માર્ગોની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખરાબ થયેલા રસ્તાઓનું સમારકામ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. અંતે રૂ. ૧૦ કરોડના ખર્ચે રસ્તાઓનું રિપેરિંગ અને પેચવર્ક કરાવવાનો નિર્ણય લેવાયો હતો.

આ કામગીરી હાથ ધરવામાં આવતાં નોટિફાઈડ વિસ્તારના માર્ગોની સ્થિતિમાં સુધારો થશે અને વાહનચાલકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે તેવી અપેક્ષા છે.

# વાપીની ફેલોશિપ મિશન શાળામાં નવરાત્રિની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** અંબા, આવો તો રમીએ, અમને રમતાં ના આવડેં – આ ઉક્તિને સાર્થક કરતાં તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વાપીની ફેલોશિપ મિશન શાળામાં નવરાત્રિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વિપુલ પટેલ (રોટરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર) તથા જયેશ કંસારા (વાપી મહાનગરપાલિકાના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શિવાંગી ઠક્કર, હાર્દિક ટેલર અને ડિમ્પલ ટેલર ઉપસ્થિત રહ્યાં હતાં.શાળાના ડિરેક્ટર સી. વી. મેથ્યુ, આચાર્ય સંદીપ મરહઠ્ઠા, વાઈસ પ્રિન્સિપાલ તથા આમંત્રિત મહેમાનોએ સાથે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ માતાજીની પૂજા-અર્ચના અને આરતી કરીને કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને વધુ રંગીન અને આકર્ષક બનાવવા શાળાના વિદ્યાર્થીઓ તથા વાલીઓ વિવિધ રંગબેરંગી પરંપરાગત પોશાક ધારણ કરીને ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. સંગીતના મધુર સૂર સાથે સૌએ ગરબાની રમઝટ બોલાવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ નવરાત્રિના રંગે રંગાઈ ગયું હતું.

ત્યારબાદ ગરબા સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલૈયાઓ તથા શ્રેષ્ઠ પરંપરાગત પોશાક ધારણ કરનાર બાળકોને શાળા તરફથી ભેટ અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આમ, શાળાના ડિરેક્ટર સી. વી. મેથ્યુ તથા આચાર્ય સંદીપ મરહઠ્ઠા ના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવની ઉજવણી ઉત્સાહભેર અને સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# સલવાવ સ્વામીનારાયણ સ્કુલની વિદ્યાર્થીનીઓ ખો-ખોમાં ઝળકી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૫ : રાજ્ય સરકાર દ્વારા યોજાતા ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા અને જિલ્લા કક્ષાની ખો ખો સ્પર્ધાનું ભવ્ય આયોજન શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવના મેદાનમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ શાળાઓની વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહ અને જોશ સાથે ભાગ લીધો હતો.

સ્પર્ધામાં અંડર ૧૪ અને અંડર ૧૭ વયજૂથની વિદ્યાર્થીનીઓએ પોતાની ચપળતા, ઝડપ, સૂઝબૂઝ અને ટીમ ભાવનાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. સ્વામિનારાયણ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ આ તમામ પાસાંમાં ઉત્કૃષ્ટ કૌશલ્ય દર્શાવ્યું હતું. પરિણામે બંને વયજૂથની ટીમોએ તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ ઝળહળતો વિજય મેળવી ચેમ્પિયનનું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. શાળાના પીટીના શિક્ષકો દ્વારા તેમને વ્યવસ્થિત અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવી હતી.

જિલ્લા કક્ષાએ ચેમ્પિયન બનતાં અંડર ૧૪ અને અંડર ૧૭ બંને ટીમો હવે સાઉથ ઝોન કક્ષાની સ્પર્ધામાં પોતાની શાળા અને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આગામી સ્પર્ધામાં પણ આ વિદ્યાર્થીનીઓ ઉત્તમ પ્રદર્શન કરી વિજય મેળવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# દમણમાં ૨૬ ઓક્ટો.થી શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૫ :** આંતરરાષ્ટ્રીય સનાતન ધર્મ ટ્રસ્ટ (રજિ.), શ્રી ગોલોક ધામ, વૃંદાવન દ્વારા તથા આચાર્ય સંજયજી મહારાજ, દમણના સાનિધ્ય અને માર્ગદર્શન હેઠળ ભવ્ય શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાત દિવસીય ધાર્મિક કાર્યક્રમનું આયોજન ૨૬ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન દરરોજ બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી કોલી પટેલ સમાજ હોલ, દુનેઠા, દમણ ખાતે કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન પરમ પૂજ્ય આચાર્ય અવિનાશ ભાઈજી મહારાજ (શ્રીધામ વૃંદાવન) દ્વારા કરાવવામાં આવશે. શ્રીકૃષ્ણની ભક્તિ, ભાગવત જ્ઞાન અને આધ્યાત્મિક લાભ મેળવવા માટે સર્વે ભાવિક ભાઈ-બહેનોને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.કાર્યક્રમની શરૂઆત ૨૫ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ વાગ્યે ભવ્ય શોભાયાત્રાથી થશે. કથા સ્થળેથી શોભાયાત્રા તેમજ ઝરી મારી માતા મંદિરથી કલશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે સંગીતમય સુંદરકાંડનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કથાના દરરોજના કાર્યક્રમ બાદ તમામ ભાવિકો માટે ભંડારા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. આ પવિત્ર ધાર્મિક આયોજનમાં વધુમાં વધુ ભાવિકો પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લે અને કાર્યક્રમને સફળ બનાવે તેવી આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સેલવાસમાં ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૫ :** યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને સ્વરોજગારની તકો અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી શુક્રવારે સેલવાસની ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કૉલેજ ખાતે ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય હેઠળની એમએસએમઈ વિકાસ અને સુવિધા કચેરી, સેલવાસ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને ભાવિ ઉદ્યોગસાહસિકોને વ્યવસાય શરૂ કરવા, ઉદ્યોગોના વિકાસ તથા રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ભગવાનજી ઝા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નવીન વિચારો સાથે ઉદ્યોગસાહસિકતાની તકો શોધવા અને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કર્યા હતા. એમએસએમઈ વિકાસ અને સુવિધા કચેરી, સેલવાસના સહાયક નિયામક પ્રવીણ દોઈફોડેએ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોની સ્થાપના તથા વિકાસમાં મંત્રાલયની ભૂમિકા સમજાવી હતી. આ ઉપરાંત, તેમણે ૨૬ ઑક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનારા સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ અંગે પણ માહિતી આપી હતી. ફેડરેશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, સેલવાસના આયોજન સચિવ પરેશ ગજ્જરે પ્રદેશના ઔદ્યોગિક માહોલ, વ્યવસાયની સંભાવનાઓ અને ઉદ્યોગ જગત તથા નવા ઉદ્યોગસાહસિકો વચ્ચે સહયોગની જરૂરિયાત અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. પાવર ઈલેક્ટ્રોનિક્સના મેનેજિંગ ડિરેક્ટર હિતિન માર્નેએ પ્રેરણાદાયી વક્તવ્ય આપતાં વ્યવસાય ક્ષેત્રના પોતાના અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે યુવાનોને પોતાના વિચારોને સફળ અને ટકાઉ વ્યવસાયમાં પરિવર્તિત કરવા તેમજ સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

એમએસએમઈ કચેરીએ પ્રદેશમાં ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિ વિકસાવવા અને નવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# વાપી-દમણ રોડના વિસ્તરણ બાદ ડામર પાથરવાનું શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપીના સૌથી વ્યસ્ત ગણાતા વાપી-દમણ મુખ્ય માર્ગ પર વિસ્તરણની કામગીરી બાદ હવે ડામર પાથરી રોડ પહોળો કરવાનું કામ શરૂ કર્યું છે.



ગયા વર્ષે તંત્ર દ્વારા આ રોડની બંને તરફ જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને અસરગ્રસ્ત જમીન માલિકોને વળતર પણ ચૂકવી દેવાયું હતું. જમીન સંપાદન બાદ લાંબા સમયથી કામ અટકેલું હતું, પરંતુ હવે સંપાદિત કરાયેલી જમીન પર ડામર પાથરીને રોડને પહોળો કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ રોડ પરથી રોજિંદા હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. વાપી દમણ તરફ આવતા જતા વાહનો તેમજ બ્રિજ નિર્માણના કારણે સાંકડા રોડ પર સતત ટ્રાફિક જામની સમસ્યા રહેતી હતી. સ્થાનિકોમાં આ કામગીરીથી આનંદ જોવા મળી રહ્યો છે.

# વાપીની સમર્પણ સ્કુલમાં પીસ પોસ્ટર કોન્ટેસ્ટ સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૫ : વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલના પરિસરમાં લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગિની, લાયન્સ ક્લબ ઓફ વાપી અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ઈન્ટરસ્કૂલ 'પીસ પોસ્ટર કોન્ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આિ સ્પર્ધા છેલ્લા ૧૨ વર્ષથી સતત આયોજિત કરવામાં આવે છે. આ વર્ષની સ્પર્ધાની થીમ "Harmony in Humanity" (માનવતામાં સમન્વય) રાખવામાં આવી હતી. આ વર્ષે પણ વાપીની વિવિધ શાળાઓના ૧૭૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે લાયન હેમલ પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર - ૩૨૩૨જર ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિ તરીકે લાયન પ્રિયંકા જૈન રાવલ, ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ ઉપરાંત સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી તથા લાયન્સ ઈન્ટરનેશનલના PMCC લાયન મુકેશ પટેલ, સ્કૂલ ચેરપર્સન લાયન હિના પટેલ, રીજન ચેરપર્સન લાયન ચિરાગ પટેલ, ઝોન ચેરપર્સન લાયન રાકેશ નાંદ્રે, DC – પીસ પોસ્ટર લાયન સંજીવ બોર્સે, લાયન્સ ક્લબ ઓફ વાપીના પ્રેસિડેન્ટ લાયન ઉદય પટેલ, લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગિનીનાં પ્રેસિડેન્ટ લાયન તન્વી પટેલ તથા સમર્પણ જ્ઞાન સ્કૂલનાં પ્રિન્સિપાલ લાયન પાર્વતી પીઠાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગણેશભાઈ પટેલ અને નિધિબેન વાણિયાએ સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓની કૃતિઓનું બારીકાઈથી નિરીક્ષણ કરી મૂલ્યાંકન કર્યું હતું. સ્પર્ધાનાં વિજેતાઓ વયજૂથ - ૧૧ વર્ષ, ગ્રુપ A પ્રથમ ક્રમ યારા ભેંડારી - શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પસ સ્કૂલ દ્વિતીય ક્રમ સ્પર્શ અશોક પાટીલ - સમર્પણ જ્ઞાન સ્કૂલ તૃતીય ક્રમેં દિક્ષિતા કુમાવત - શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પસ સ્કૂલ વયજૂથ - ૧૨ વર્ષ, ગ્રુપ 'B' પ્રથમ ક્રમ આરાધ્યા સરોજ - જ્ઞાન ગંગા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ દ્વિતીય ક્રમ દીપાલી ત્રિપાઠી - શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પસ સ્કૂલ તૃતીય ક્રમ આલિશા દીપક શ્રીવાસ્તવ - ઉપાસના લાયન્સ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ વયજૂથ - ૧૩ વર્ષ, ગ્રુપ 'C' - થમ ક્રમ અનાયરા અવસ્થી - શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પસ સ્કૂલ દ્વિતીય ક્રમ ક્રિશા બિપિન પટેલ - સમર્પણ જ્ઞાન સ્કૂલ તૃતીય ક્રમેં સાઈ બાપુ સુરવાડે - શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પસ સ્કૂલ શાળાના આર્ટ ટીચર અને શિક્ષકગણે પણ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપીને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોએ પોતાની કલાત્મક પ્રતિભા અને સર્જનાત્મકતા દ્વારા સૌનાં દિલ જીતી લીધાં હતાં.

# વાપીની શ્રી એલ. જી. હરિયા સ્કુલના વિદ્યાર્થીઓ પીસ પોસ્ટર સ્પર્ધામાં ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૫ : વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ આંતરશાળા પીસ પોસ્ટર સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગિણી દ્વારા 'માનવતામાં સંવાદિતા' વિષય પર આયોજિત આ સ્પર્ધામાં ત્રણ ગ્રુપમાં કુલ ૧૧૭ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં એલ.જી. હરિયા સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓએ વિવિધ સ્થાન પ્રાપ્ત કરીને પોતાની ચિત્રકળાની પ્રતિભા સાબિત કરી હતી. સ્પર્ધાના ગ્રુપ-૧માં ધોરણ ૫ની કુમારી યારા ભંડેરીએ પ્રથમ જ્યારે



કુમારી દીક્ષિતા કુમાવતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગ્રુપ-૨માં ધોરણ ૭ની કુમારી દીપાલી ત્રિપાઠીએ દ્વિતીય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. એ જ રીતે ગ્રુપ-૩માં ધોરણ ૭ની કુમારી અનાયરા અવસ્થીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે ધોરણ ૮ના માસ્ટર સાઈ બાપુ સુરવડેએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ, મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા, શાળાનાં આચાર્ય બિન્ની પોલ તથા સમગ્ર સ્ટાફે તમામ વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમની સફળતાને બિરદાવી હતી.

# સત્તા પરિવર્તન માત્ર ચૂંટણીથી જ શક્ય

વિશ્લેષણ

કુન્દન વ્યાસ



વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિયેતનામની યાત્રાએ જતાં પહેલાં મોદી સરકારના છેલ્લા દિવસો ગણાઈ રહ્યા હોવાનું કહ્યું છે અને સંજય રાઉતે કહ્યું રાહુલજી સ્વદેશ પાછા ફરે કે તરત શાસનપલટો શરૂ થશે ! સંજય રાઉતે યુરોપ - ફ્રાન્સમાં યુવાઓનાં આંદોલનનો ઉલ્લેખ કર્યો અને આલ્બેનિયામાં સુપ્રીમ કોર્ટ ઉપર હુમલો થયાના અહેવાલનો વારંવાર ઉલ્લેખ કરીને ભારતીય સપ્રીમ કોર્ટને જાણે આડકતરી ધમકી આપી ! આ પહેલાં પણ એમણે ન્યાયમૂર્તિઓ માટે અસભ્ય વિશેષણો વાપરીને માફી માગવી પડી હતી. કદાચ એમને શંકા છે કે ચુકાદો વિરુદ્ધમાં આવશે તેથી હવે આવી આડકતરી ધમકીઓ આપે છે ! દેશભરમાં જંતર - મંતર વ્યાપક બનવાની, બાંગલાદેશનું પુનરાવર્તન થવાની અને શાસનતંત્ર બદલવાની ધમકી પણ અપાઈ રહી છે ! આ લડાઈમાં ઈમર્જન્સીની યાદ વારંવાર અપાઈ છે અને રેજિમ ચેન્જ - શાસનતંત્ર બદલાવવા માટે બાંગલાદેશ જેવા આંતરવિગ્રહ ખૂનખરાબા અર્થાત્ ખૂનામરકી થવાનો કે કરવાની ગર્ભિત ધમકી પ્રશાંત ભૂષણ - જાણીતા વકીલે આપી છે. તેઓ દેશમાં બળવો કરવા માગે છે કે ક્રાંતિ ? આ નેતાઓ દિલ્હીમાં હાથમાં તિરંગો લઈને રાષ્ટ્રપિતાની સમાધિ રાજઘાટ ઉપર આંદોલનની શરૂઆત કરીને બળવાખોર બન્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે આંદોલન શરૂ કરનારા કોકરોચ પાર્ટીના અભિજિત દીપકેના હાથમાં દોર હોય એમ લાગતું નથી. ડાબેરીઓ - અંતિમવાદીઓ હવે આગેવાની કરી રહ્યા છે. અરાજકતા અને ખૂનખરાબી કરવાનો વ્યૂહ - વિચારધારા છતી થઈ ગઈ. પ્રશાંત ભૂષણે જાહેરાત કરીને કબૂલાત કરી પછી રાહુલ ગાંધી કે અન્ય કોઈ જવાબદાર નેતાએ રદિયો આપ્યો નથી, પણ ડેમેજ કંટ્રોલ કરવા માટે ૧૯૭૭નું ઉદાહરણ આપી રહ્યા છે કે સત્તા પરિવર્તન લોકતાંત્રિક ચૂંટણીથી થશે. વાસ્તવમાં વિપક્ષને વિજયનો વિશ્વાસ નથી. જનતાને વિરોધ પક્ષો ઉપર વિશ્વાસ નથી તેથી જ અરાજકતાનાં બણગાં ફૂક્યાં છે અને હવે ડેમેજ કંટ્રોલ કરવા ચૂંટણીની વાત કરે છે ! મોદીએ જનતાનો વિશ્વાસ મેળવ્યો છે, ટકાવ્યો છે, સબ કા સાથ - વિશ્વાસ અને વિકાસની ખાતરી લઘુમતીઓને પણ થઈ છે ગરીબી હટાઓનાં માત્ર સૂત્ર અને વચન આપ્યાં નથી. વિપક્ષો પાસે આંદોલન અને અરાજકતા સિવાય કયો મુદ્દો છે ? વિરોધ પક્ષોને લોકતંત્રમાં વિશ્વાસ હોય તો સંસદમાં હો - હા અને બહિષ્કાર કરવાને બદલે સંવાદ માટે તૈયારી બતાવી હોત, પણ વિદ્યાર્થી આંદોલનને રાજકીય લડાઈનું સ્વરૂપ અપાયું છે. હવે ચૂંટણી ઉપર પણ ભરોસો નથી, છતાં લોકતાંત્રિક રીતે સત્તા મેળવાશે એવો બચાવ કરી રહ્યા છે. મતદારયાદીઓ પછી વોટિંગ મશીનો સ્વીકાર્ય નથી. ફરીથી મતપત્રકો આધારિત ચૂંટણીની માંગ શરૂ થઈ છે. આ રીતે લોકોને ચૂંટણીમાં અને લોકશાહીમાં અવિશ્વાસ રહે તો અસ્થિરતા અને અરાજકતા સર્જાય ત્યારે વિરોધ પક્ષો તેનો પહેલો ભોગ બનશે. વિપક્ષો હવે ડેમેજ કન્ટ્રોલ કરવા માટે કહે છે કે અમે સત્તા -રેજિમ પરિવર્તન આ રીતે કરવા માગીએ છીએ, પણ વિપક્ષી એકતાની પરીક્ષા ચૂંટણીમાં થશે. જો ચૂંટણી દરમિયાન હિંસાચાર અને અરાજકતા ઊભી કરવાના પ્રયાસ થાય તો જનતા વિરોધ પક્ષોને નહીં સ્વીકારે, ભારતમાં સંસદીય લોકશાહી અને આઝાદી બચાવવાની જવાબદારી આખરે નાગરિકો - લોકોની છે. મુખ્ય પ્રશ્ન એ છે કે ભારતમાં શાસનતંત્ર કેવી રીતે બદલી શકાય ? કોકરોચના આગેવાનો કહે છે કે આજે દેશમાં ૧૯૭૫ની ઈમર્જન્સી જેવી સ્થિતિ છે ! પણ આ લોકોએ પચાસ વર્ષ પહેલાંની ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સી જોઈ નથી. જેન - ઝી - ત્રીસ વર્ષ સુધીની વયના - યુવાવર્ગે ઈમર્જન્સીનો ઈતિહાસ જાણવો જોઈએ અને ૧૯૭૭માં સરકાર બદલાઈ તે સંજોગો પણ જાણવા જોઈએ. કારણો અને પરિણામ જાણવાં જોઈએ. ૧૯૬૯માં શાસકપક્ષ કોંગ્રેસમાં ભવ્ય ભંગાણ પડયું અને ઈન્દિરા ગાંધી વડાપ્રધાન બન્યાં, ત્યારથી રાજકારણ બદલાયું. ભ્રષ્ટાચાર સામે લોકોએ અવાજ ઉઠાવ્યો. ગુજરાતમાં નવનિર્માણ આંદોલનના સૂત્રધાર વિદ્યાર્થી નેતાઓ જ હતા અને ભ્રષ્ટાચારી રાજ્ય સરકાર ગઈ. આંદોલન નવેસરથી ચૂંટણી માટે હતું. વિધાનસભાની નવેસરથી ચૂંટણી આપવાની ઈન્દિરા ગાંધીને ફરજ પડી. ગુજરાત પછી બિહારમાં લોકનાયક જયપ્રકાશ નારાયણે કોંગ્રેસની ભ્રષ્ટાચારી સરકાર સામે આંદોલન શરૂ કર્યું. સમગ્ર દેશમાં અશાંતિ અને અજંપો હતો. આ દરમિયાન ઈન્દિરા ગાંધીએ લોકસભાની રાયબરેલી બેઠકની ચૂંટણીમાં સરકારી સાધનો વાપર્યાં હોવાથી મામલો કોર્ટમાં ગયો હતો તેનો ચુકાદો એમની વિરુદ્ધ આવ્યો, પણ સુપ્રીમ કોર્ટે વડાપ્રધાનપદે ચાલુ રહી શકે, પણ લોકસભામાં વોટ આપી નહીં શકે એવો ચુકાદો આપ્યા પછી એમને હટાવવાની જોરદાર માંગ સાથે આંદોલન દેશભરમાં શરૂ થયું. તત્કાલીન સમયમાં આંદોલનનું સ્થળ સંસદ ભવનની નજીક હતું. રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી પથરાયેલા રાજપથની બન્ને બાજુએ વિશાળ મેદાન અને પાણીની નહેર હતી, તે બોટ ક્લબનાં મેદાનમાં સભાઓ ભરાતી હતી. જયપ્રકાશજીએ આ સ્થળે ભારે વિશાળ મેદનીને સંબોધતાં પોલીસ તથા સેનાને આહ્વાન કર્યું કે ઈન્દિરા સરકારના ગેરબંધારણીય આદેશોનો અમલ કરવો નહીં - ઈન્દિરા ગાંધી સામે બળવો પોકારવાનો આરોપ લાગ્યો - અને ૧૯૭૫ના ૨૫મી જૂનની મધરાતે તમામ વિપક્ષી નેતાઓની ધરપકડ થઈ. આંતરિક કટોકટી - ઈમર્જન્સી જાહેર થઈ. ઈન્દિરા ગાંધીએ સુપ્રીમ કોર્ટના ત્રણ સિનિયર ન્યાયમૂર્તિને હાંસિયામાં રાખીને કહ્યાગરા - કમિટેડ જજને ચીફ જસ્ટિસ બનાવ્યા હતા. ઈમર્જન્સીના ઓગણીસ મહિના દરમિયાન નાગરિકોને સંવિધાને બક્ષેલા મૂળભૂત અધિકારો સસ્પેન્ડ કરવામાં આવ્યા. પ્રેસ સેન્સરશિપ લાદવામાં આવી. કિશોરકુમારે સંજય ગાંધીના કાર્યક્રમમાં ગીત ગાવાનો ઈન્કાર કર્યો, તેથી ઓલ ઈન્ડિયા રેડિયો - દૂરદર્શન ઉપર એમને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા. સમસ્ત ભારત એક વિશાળ જેલ બની ગયું, પત્રકારો અને ન્યાયાધીશો નિશાના ઉપર હતા. વિદેશી પત્રકારો દેશનિકાલ થયા અને ભારતીય પત્રકારો - ત્રણસોથી વધુ જેલમાં ગયા. સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ હતું. કોઈ પોતાના સ્વતંત્ર વિચાર વ્યક્ત કરવા તૈયાર ન હતા. હિંમત ન હતી - સરકારી જાસૂસોની જાળમાં સપડાવાનો ડર હતો. આવું વાતાવરણ ઓગણીસ મહિના સુધી રહ્યું. પછી ઈન્દિરા ગાંધીને આશા - વિશ્વાસ હતો કે લોકોએ ઈમર્જન્સીને સ્વીકારીને સમર્થન આપ્યું છે તેથી ચૂંટણી યોજીને કાયદેસર સત્તા મેળવવાનો ઈરાદો હતો. વિપક્ષી નેતાઓને છેલ્લી ઘડીએ જેલમુક્ત કર્યા, પણ જેલવાસ દરમિયાન વિપક્ષી એકતા દૃઢ થઈ હતી અને ચૂંટણીમાં નિરક્ષર ગણાતા, ગરીબ લોકોએ કોઠાસૂઝથી મત આપ્યા. ૧૯૪૭ પછી ૧૯૭૭માં ફરીથી આઝાદી મળી. આ સત્તા પરિવર્તન લોકતાંત્રિક હતું. રક્તવિહીન ક્રાંતિ હતી. સંવિધાન સર્વોપરી છે એમ સાબિત થયું. બાંગલાદેશ નહીં, હવે ફ્રાન્સની ઘટનાઓ ઉપર સૌનું ધ્યાન છે. વિદ્યાર્થીઓનું આંદોલન ડાબેરી પક્ષો અને વિદેશી વસાહતીઓ (નિરાશ્રિતો)એ ઉપાડી લીધું અને ત્યાંની સરકાર સામે જાણે બળવો થયો. ફ્રાન્સમાં ડાબેરીઓની હડતાળો અને આંદોલનોની નવાઈ નથી. ઈતિહાસ છે, ફ્રાંસ પછી યુરોપના અન્ય દેશો ઈટાલી, સ્પેન, આલ્બેનિયા - સુધી તોફાનો પ્રસર્યાં છે. મૂળ કારણમાં પાકિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન તથા આફ્રિકાના દેશોમાંથી લોકોનાં ધાડેધાડાં યુરોપમાં આશ્રય લેવા આવ્યાં અને આશ્રય મળ્યો તે છે. ફ્રાન્સમાં જ આઠ લાખ આશ્રિતો છે. ભારતમાં પણ આવી રીતે વોટ બેન્ક શરૂ થઈ, તેથી લોકતંત્રનું શુદ્ધીકરણ કરવા, અપહરણ થતું રોકવા કાર્યવાહી શરૂ થઈ એટલે વિપક્ષોને સત્તા મળવાની આશા નથી. પરિણામે અરાજકતાથી શાસન - તખતો પલટાવાનાં સપનાં જોવા લાગ્યા અને ભારતના વિઘ્નસંતોષીઓ - દુશ્મનોની મદદ મળી છે. વડાપ્રધાન મોદીએ યોગ્ય કહ્યું છે કે ભારતના દુશ્મનો અને દેશદ્રોહીઓનાં ષડ્યંત્ર નિષ્ફળ બનાવવા માટે તમામ પક્ષો - લોકોએ એકતાથી લડત આપવાની છે. ભાજપ નહીં, ભારતનો વિરોધ છે. વિશ્વમાં મોટી મહાન લોકશાહીનો વિરોધ છે. આશ્રય મળ્યા પછી હક - દાવા અને દાદાગીરી વધી છે અને વિશ્વમાં પચાસ જેટલી એજન્સીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને આગમાં તેલ હોમે છે. વાસ્તવમાં આપણા જ વિદ્યાર્થીઓ કે લોકો આપણી જ જાહેર સંપત્તિ શા માટે તોડે, બાળે ? ઈન્દિરાજીનો આક્ષેપ હતો કે વિદેશી હાથ અર્થાત્ અમેરિકન સીઆઈએ ભારતમાં અસ્થિરતા જગાવવા એમને દૂર કરવા માગે છે - હત્યાનું કાવતરું હોવાનો આક્ષેપ હતો - આજે ભારતમાં કોનો - વિદેશી હાથ કામ કરે છે ?

# પ્રભાતફેરી : પરંપરામાં છુપાયેલું વિજ્ઞાન

મનનમ્



ડૉ. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

"Early to bed and early to rise,
makes a man healthy, wealthy, and wise."

આ વિચારને આશરે ૧૭૩૫માં બેન્જામિન ફ્રેન્કલિન દ્વારા Poor Richards Almanack દ્વારા લોકપ્રિય બનાવ્યો હતો. જોકે, એ પહેલા પણ અંગ્રેજી સાહિત્યમાં આ પ્રકારનાં વિચારો અસ્તિત્વમાં હશે જ. આ વિચાર સવારે જલ્દી ઉઠવા અને રાત્રે જલ્દી સૂવા પર ભાર મૂકે છે. 'હિસ્ટ્રી ઓફ મોર્નિંગવોક' એમ google કરતાં ખ્યાલ આવે છે કે પાશ્ચાત્ય દેશોમાં ૧૭કે૧૮મી સદીમાં બેન્જામિન ફ્રેકલીને આજનાં 'મોર્નિંગ વોક' વગેરેનો વ્યવસ્થિત વિચાર આપ્યો હતો. હવે જરા આપણા ભારતનો વિચાર કરીએ તો જણાશે આવશે કે ભારતમાં બ્રહ્મમુહૂર્તની પરંપરા અનાદિકાળથી પ્રચલિત છે. ભારતમાં પ્રચલિત પ્રભાતફેરી એ મોર્નિંગવોકનું જ શ્રેષ્ઠ સ્વરૂપ છે જે માત્ર બ્રહ્મમુહૂર્તમાં ઉઠીને ચાલવા પૂરતું સીમિત નથી પણ બ્રહ્મમહૂર્તમાં ઉઠીને બ્રહ્મનું જ્ઞાન અન્ય સુધી પહોંચાડવાનું પ્રેરક પણ છે.



સમય સાથે આપણે આધુનિક થયાં અને બ્રહ્મમુહૂર્તને બદલે 'સૂર્યસંતાન' થયાં, સવારે સૂર્યોદય પછી જ ઉઠવાનું શરૂ થયું પણ હાલમાં પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાય પરિવાર પ્રેરિત ભક્તિફેરીના ભાઈઓ-બહેનોને મુખે સવારની -ભાતફેરીમાં સ્તોત્રો અને ભાવગીતો સાંભળીને મનમાં પ્રશ્ન થયો કે પ્રભાતફેરીનું સાચે જ મહત્વ હશે? ભારતનાં ગામડાંઓમાં સૂર્યોદય પહેલાં વહેલી સવારે ભજન-કીર્તન સાથે પ્રભુનાં નામનું સ્મરણ કરતાં નીકળતી પ્રભાતફેરી માત્ર ધાર્મિક પરંપરા છે કે ભારતીય મનીષીઓએ ગોઠવેલી શારીરિક સક્રિયતા, માનસિક પ્રસન્નતા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક જાગૃતિની સુંદર વ્યવસ્થા?

ગુલામ બન્યા પછીની આપણી માનસિકતા પ્રમાણે અન્યનું અનુકરણ કરીને કાનમાં ઈયર બડ્સ નાખી સંગીતના તાલે 'મોર્નિંગ વોક' કરનારા ભારતીય યુવાનોને એ વાતનો પરિચય હોવો જોઈએ કે ભારતમાં મોર્નિંગ વોકની પરંપરા ૧૭ કે ૧૮મી સદીથી નહીં પણ અનાદિકાળથી પ્રચલિત છે, પણ એ મોર્નિંગ વોક (પ્રભાતફેરી) માત્ર શારીરિક કસરત નહીં પણ ધાર્મિક - આધ્યાત્મિક તેમજ સામાજિક જાગૃતિનું સાધન હતી. નિશ્ચિત કરેલા સમયે સવારમાં ગામનાં સૌ આબાલવૃદ્ધ સમૂહમાં ભજન-કીર્તન સાથે આખા ગામમાં નિયમિત પ્રભાતફેરી માટે નીકળતા જેને કારણે મોર્નિંગમાં ચાલવાથી હૃદયનાં સ્વાસ્થ્ય, શારીરિક ક્ષમતા અને દૈનિક સ્ફૂર્તિમાં વધારો થતો.

પરિણામે શારીરિક વજન, બ્લડપ્રેશર અને રક્ત શર્કરાનું નિયંત્રણ આપોઆપ જ થઈ જતું.

પ્રભાતફેરીમાં માત્ર ચાલવું અગત્યનું ન હતું પણ શાંત વાતાવરણમાં ચાલવાની સાથે સંગીતયુક્ત ભજન કે પ્રાર્થનાના સમૂહગાનથી મનની પ્રસન્નતા અને ઈશ્વર સાથે લાગણીસભર જોડાણ થાય, પ્રભાતફેરીમાં જનાર દરેકનું મનને હળવું થાય, જેથી આજની જેમ અનુભવાતો સ્ટ્રેસ કે ડિપ્રેશન આપોઆપ ઓછું થાય અને વ્યક્તિની માનસિક સુખાકારીમાં વધારો થાય. માનસિક રોગોની સાથે શારીરિક રોગો પણ પ્રભાતફેરી થકી આપમેળે જ ઓછા થઈ જતાં કારણ કે સવારમાં ચાલવાથી શારીરિક કસરતની સાથે સૂર્યોદય વખતના સૂર્યના કોમળ કિરણોના સંપર્કને કારણે વિટામિન D કે B૧૨ જેવી સમસ્યાઓ નહીવત થઈ શકે.

આ બધાની સાથે પ્રભાતફેરીથી સામાજિક ઐક્ય અને મિત્રતાપૂર્ણ સંબંધોમાં વધારો થવો તો બહુ સાહજીક છે કારણ કે પ્રભાતફેરીમાં બાળકોથી લઈને વડીલો સૌ સાથે ચાલતાં, ભજન ગાતાં અને એકબીજાને મળતાં. માણસ માણસના જીવંત સંપર્ક અને મળવાને કારણે સામાજિક સંબંધો વધુ મજબૂત બને, એકલતા ઘટે અને સમુદાયમાં પરસ્પર સહકારની ભાવના વિકસે. જેની ખરેખર આજનાં સમયમાં અત્યંત જરૂરીયાત છે.

પ્રભાતફેરી ઉપદેશ વગરનું શિક્ષણ પણ બનતી. કારણ કે પ્રભાતફેરીમાં વડીલોની સાથે બાળકો પણ જોડાતા, જેથી તેઓ વડીલો દ્વારા ગવાયેલી પ્રાર્થનાઓ, ભજન આપોઆપ શીખી જતાં. વળી, પ્રભાતફેરી માટેની વડીલોની શિસ્ત, સમયપાલન જેવા મૂલ્યોનું શિક્ષણ પણ બાળકોને ઉપદેશ વગર મળતું. જે સમાજમાં જનરેશન ગેપ કે કૌટુંબિક સમસ્યાઓનું પ્રમાણમાં ઘટાડવામાં બહુ મદદરૂપ થઈ શકે ને ?

આજના સમયમાં જ્યારે આપણે અનેક શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક કે ધાર્મિક-આધ્યાત્મિક સમસ્યાઓથી ઘેરાયેલા છીએ ત્યારે જો આપણને પ્રભાતફેરીનું મહત્ત્વ અને વૈજ્ઞાનિકતા સમજાય તો પ્રભાતફેરી રામબાણ ઈલાજ થઈ શકે એમ છે. જોકે, આપણે મનના ગુલામ છીએ અને મન ચંચળ છે. તેથી આપણા મનને મજા પડે એવી જ કેટલીક ધાર્મિક કે સાંસ્કૃતિક પરંપરાઓ સ્વરૂપ બદલીને પણ આપણે પકડી રાખી છે. દા.ત. ગણપતિ ઉત્સવ કે નવરાત્રી. આ બંને ઉત્સવો આજે મૂળ સ્વરૂપમાં ન હોવા છતાં પણ અસ્તિત્વ ધરાવે છે પણ પ્રભાતફેરીનું અસ્તિત્વ શોધવું પડે એમ છે. એનું કારણ શું હોઈ શકે? નવરાત્રી કે ગણેશોત્સવ માત્ર મનોરંજન થઈ ગયા છે જે આપણા મનને ગમે ને ! જ્યારે પ્રભાતફેરીમાં સવારે ઉઠવામાં અને ચાલવામાં કે ભજન ગાવામાં સીધું મનોરંજન મળે છે ખરુ? તેમાં તો શરીર અને મન બંનેને કષ્ટ પડે છે. પાણી જેમ નીચે વહે એ જ રીતે સહેલી અને મનોરંજક વસ્તુઓ ઉપાડવી આપણા સ્વભાવ છે એટલે જ કદાચ આજે આ ઉત્સવો સ્વરૂપ બદલીને ટકી રહ્યા છે. જ્યારે આરોગ્ય, વ્યક્તિગત શિસ્ત, સામાજિક એકતા, સંસ્કાર સિંચન અને લોકજાગૃતિ જેવા અનેક લાભ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરી શકાય તેવી આજે ભાગ્યે જ જોવા મળે છે.

# દિવાળીની સફાઈ, પુરુષોના બહાના અને 'ડસ્ટર'થી ડરતો પુરુષાર્થ!

પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

વર્ષ આખું ઘરમાં હું બોસ છુઁનો અદૃશ્ય કોલર ઊંચો રાખીને ફરતો પુરુષ જાતિનો જીવ, આસો મહિનો અડધો થાય એટલે અચાનક નમ્ર, વિનમ્ર અને અતિશય આધ્યાત્મિક બનવા લાગે છે. કારણ? વિજયાદશમી પૂરી થતાં જ ઘરોમાં એક અઘોષિત ઓપરેશન ઓલ આઉટ શરૂ થાય છે - જેને આપણે સાદી ભાષામાં દિવાળીની સફાઈ કહીએ છીએ. આ એવો સમય છે જ્યારે ઘરની સ્ત્રીના હાથમાં ઝાડૂ, ઝાપટિયું અને ડસ્ટર આવી જાય છે અને પુરુષના મગજમાં અચાનક અગત્યના કામોની યાદી, અચાનક ઊભી થતી પિઠની મચકોડ અને ઓફિસના તાકીદના ઓવરટાઇમનું ભૂત સવાર થઈ જાય છે!

હવે સવાલ એ થાય છે કે તમે આ વખતે દિવાળીની સફાઈમાં ઘરે ખરેખર મદદ કરવાના છો કે પછી દર વર્ષની જેમ માસ્ટર-લેવલના બહાના જ કાઢવાના છો? કારણ કે આપણા સમાજમાં પુરુષની ઘરકામ પ્રત્યેની માનસિકતા એક વિચિત્ર કોયડો છે. આપણે જીમમાં જઈને ૫૦ કિલોના ડમ્બેલ્સ આરામથી ઊંચકી શકીએ છીએ, પણ ઘરમાં ૧૦ કિલોનો ગાદલાનો સેટ તડકે મૂકવાનું આવે ત્યારે અચાનક આપણી એનાટોમી બગડી જાય છે. આપણે ઓફિસમાં દસ-દસ કલાક લેપટોપ સામે બેસીને પીપીટી બનાવવાની ક્ષમતા ધરાવીએ છીએ, પણ સીલિંગ ફેન પર જમા થયેલી બે ગ્રામ ધૂળ સાફ કરવામાં આપણને બ્રહ્માંડનો સૌથી મોટો થાક અનુભવાય છે. દિવાળી આવતાં જ પુરુષોના બહાનાઓની એક આખી સીરિઝ શરૂ થાય છે. સૌથી પહેલું અને લોકપ્રિય બહાનું છે ટેકનિકલ અસમર્થતા. 'અરે, તું જેવી રીતે સફાઈ કરે છે ને, એવી મારાથી થાય જ નહીં! તારું ફિનિશિંગ અલગ જ હોય !' - આ વાક્ય કોઈ વખાણ નથી, પણ ઘરકામમાંથી કાયદેસરની એક્ઝિટ લેવાની એક મોહક ચાલ છે! પુરુષો જાગૃતપણે પોતાની જાતને ઘરકામમાં બિનકાર્યક્ષમ સાબિત કરી દે છે, જેથી કરીને ઘરના ગૃહિણી કંટાળીને પોતે જ કામ હાથમાં લઈ લે અને પુરુષ શાંતિથી સોફા પર બેસીને ક્રિકેટનો સ્કોર જોઈ શકે.

બીજું બહાનું છે ઓચિંતું ઓફિસ વર્ક. જે માણસ આખું વર્ષ સાંજે છ વાગ્યામાં લોગ-આઉટ થઈને ચાય-સુટ્ટાની કિટલી પર બેસતો હોય, એ માણસ દિવાળીના અઠવાડિયા પહેલાં રાત્રે નવ વાગ્યા સુધી અર્જન્ટ મીટિંગના નામે ઓફિસે રોકાઈ જાય છે. અને જો ભૂલેચૂકે ઘરે હાજર રહેવું જ પડે, તો પછી શારીરિક અસ્વસ્થતાનું કાર્ડ રમાય છે. અચાનક કમરનો દુખાવો, ધૂળની એલર્જી, આંખમાં બળતરા કે પછી જૂની કોઈ ઈજાનું દર્દ જાગી ઊઠે છે. ફેન સાફ કરતી વખતે જે માણસને અચાનક સાઈનસ ઉપડી જાય છે, એ જ માણસ સાંજે મિત્રો સાથે બાઈક પર ૫૦ કિલોમીટરની રાઈડ પર જવા માટે એકદમ ફિટ થઈ જાય છે! ચાલો, એક ક્ષણ માટે માની લઈએ કે કોઈ પુરુષ હિંમત કરીને સફાઈના મેદાનમાં ઉતરે છે. તો તેની ઓપરેશનલ સ્ટાઈલ જોવા જેવી હોય છે. પુરુષ જ્યારે ઘરની સફાઈ કરવા બેસે ત્યારે એ સફાઈ ઓછી અને રિચ્યુઅલ વધારે લાગે છે. તે સોશિયલ મીડિયા પર એવા હાવભાવ સાથે ફોટો મૂકશે જાણે એણે હિમાલય પર વિજય મેળવ્યો હોય! એક માળિયું સાફ કરવા માટે એને ચાર વાર ચા જોઈએ, બે વાર આરામ જોઈએ અને આખા ઘરની સહાનુભૂતિ જોઈએ. એમાંય જો એણે રસોડાનો એકાદ ડબ્બો સાફ કરી આપ્યો, તો આખા મહિના સુધી એ વાતનો ઉપકાર ઘરના સભ્યો પર લટકતો રહેશે.

પણ જો આપણે આ હળવાશની પાછળ રહેલી ગંભીર માનસિકતા પર નજર કરીએ, તો આપણને આજના આધુનિક પુરુષની એક મોટી મર્યાદા દેખાશે. આપણી માનસિકતા હજુ પણ એ વિચારમાં અટકેલી છે કે સફાઈ અને ઘરકામ એ પ્રાથમિક રીતે સ્ત્રીની જવાબદારી છે અને પુરુષ જો એમાં મદદ કરાવે તો એ એની મહેરબાની છે. આપણે બહારની દુનિયામાં સમાનતા, વુમન એમ્પાવરમેન્ટ અને આધુનિક વિચારો પર મોટી મોટી વાતો કરીએ છીએ, પણ ઘરના ઉંબરાની અંદર પગ મૂકતાં જ આપણો એ આધુનિક વિચાર માળિયામાં જઈને સંતાઈ જાય છે. જે માળિયું સાફ કરવામાં જ પુરુષને જોર પડે છે !

આપણે સ્ત્રીઓને ગૃહિણી અથવા સુપરવુમનના બિરુદ આપીને બહુ આસાનીથી છટકી જઈએ છીએ. પરંતુ વિચારવાની વાત એ છે કે જે ઘરનો ઉપયોગ આખો પરિવાર સરખી રીતે કરે છે, એ ઘરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર એક જ વ્યક્તિની કેમ હોય? સ્ત્રી જો બહાર નોકરી કરતી હોય કે ઘરમાં રહેતી હોય, દિવાળીની સફાઈનો માનસિક અને શારીરિક બોજ દર વર્ષે તેના જ ખભા પર કેમ આવી પડે છે? પુરુષો મદદ કરવાના નામે માત્ર ઉંચક-મૂચકનું કામ કરીને પોતાની ફરજ પૂરી થયેલી માની લે છે, પરંતુ આયોજન, સફાઈ અને વ્યવસ્થાનો આખો તાણ સ્ત્રીએ જ વેઠવો પડે છે.

આજના સમયમાં જેન્ટલમેન બનવાની સાચી વ્યાખ્યા માત્ર સારા કપડાં પહેરવા કે ફાઈન ડાઈનિંગ ટેબલ એટીકેટ્સ શીખવામાં નથી, પણ ઘરમાં સ્ત્રીના શ્રમનો આદર કરવામાં છે. દિવાળી એ માત્ર દીવા પ્રગટાવવાનો કે ફટાકડા ફોડવાનો તહેવાર નથી; એ ઘરના ખૂણેખૂણામાંથી નકારાત્મકતા અને કચરો બહાર ફેંકવાનો ઉત્સવ છે. તો પછી આ વખતે આપણી અંદર રહેલાઁ મેઈલ ઈગો અને આળસને કેમ બહાર ન ફેંકીએ?

તો પછી આ વખતે બહાનાઓની યાદી બાજુ પર મૂકો. જ્યારે ઘરની સ્ત્રી પંખા કે બારીઓ સાફ કરવા ખુરશી પર ચઢે, ત્યારે માત્ર ખુરશી પકડી રાખીને સહાયક બનવાને બદલે પોતે જાતે ડસ્ટર હાથમાં લો. માળિયામાંથી જૂનો સામાન કાઢતી વખતે 'આ બધું નકામું છે ફેંકી દે' એવી મફતની સલાહ આપવાને બદલે, સાથે બેસીને જૂની યાદોને ગોઠવવામાં સહભાગી બનો. રસોડાના ડબ્બા ધોવાથી કે ઘરના પડદા બદલવાથી પુરુષાર્થ ઓછો નથી થઈ જતો, પણ પરિવારમાં પ્રેમ અને આદર ચોક્કસ વધી જાય છે.

આખરે દિવાળીનો સાચો આનંદ ત્યારે જ આવશે જ્યારે સફાઈનો થાક માત્ર ઘરની સ્ત્રીના ચહેરા પર નહીં હોય, પણ ઘરના પુરુષના ચહેરા પર પણ એ જ સંતોષજનક થાક અને સાથે કામ કર્યાની ખુશી હશે. તો આ વખતે શું નક્કી કર્યું છે? બહાનાની પિચ પર બેટિંગ ચાલુ રાખવી છે કે પછી ડસ્ટર ઉપાડીને સાચા અર્થમાં ઘરના હીરો બનવું છે? નિર્ણય તમારો છે, પણ યાદ રાખજો - ઝાડૂ હાથમાં લેવાથી મર્દાનગી ઓછી નથી થતી, પણ ઘર ચોક્કસ ચમકી ઊઠે છે!

# ચૂંટણીમાં નેતા ખોટું બોલે તો મતદાર FIR કરી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫ :** ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવતા સોગંદનામામાં ખોટી હકીકતો દર્શાવવા અથવા મહત્ત્વની વિગતો જાણીજોઈને છુપાવવાના પ્રકરણમાં સર્વોચ્ચ અદાલતે એક સીમાચિહ્નરૂપ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય સુણાવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં નિર્ધારિત કર્યું છે કે હવેથી આવા મામલાઓમાં માત્ર ચૂંટણી પંચ કે સરકારી અધિકારીઓ જ નહીં, પરંતુ દેશનો સામાન્ય નાગરિક પણ ઉમેદવાર વિરુદ્ધ સીધી ફોજદારી ફરિયાદ દાખલ કરી શકશે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૫એ (125A) હેઠળ કોઈપણ ખાનગી વ્યક્તિ દ્વારા કરવામાં આવતી આવી ફોજદારી ફરિયાદ કાયદાકીય રીતે સંપૂર્ણપણે માન્ય રહેશે. આ પ્રકારની કાનૂની કાર્યવાહી માટે ચૂંટણી પંચની અગાઉથી મંજૂરી લેવી કે પંચની સત્તાવાર ફરિયાદ હોવી બિલકુલ આવશ્યક નથી.

ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને ન્યાયમૂર્તિ શીલ નાગુની સંયુક્ત ખંડપીઠ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો, જેના પરિણામે અદાલતે કર્ણાટક હાઈકોર્ટના અગાઉના વિવાદાસ્પદ નિર્ણયને રદ કરી દીધો છે. અગાઉ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં મતદારને ઉમેદવાર સામે માત્ર ચૂંટણી અરજી દાખલ કરવાનો જ અધિકાર હોવાનું અને વ્યક્તિગત ધોરણે ફોજદારી ફરિયાદ નોંધાવવાનો અધિકાર માત્ર ચૂંટણી પંચ પાસે જ હોવાનું અવલોકન કર્યું હતું. જોકે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ અભિગમને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. અદાલતે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૫એ હેઠળ ખોટું શપથપત્ર રજૂ કરવાના ગુનામાં ખાનગી નાગરિકની ફરિયાદને આધારે પણ સક્ષમ અદાલત કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી શકે છે.

# ધરમપુર-કપરાડામાં કુકણા-વારલી સમાજ આસો સુદ ૧૨ અને ઢોડિયા સમાજ આસો વદ ૧૨ વાઘબારસ ઉજવે છે





## વલસાડ જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા વાઘ બારસની અનોખી અને જુદી જુદી ઉજવણી : વાઘબારસની ઉજવણી પુર્વે માવલી માતાની પુજા કરવામાં આવે છે

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૫ :** આદિવાસી સમાજ તેની આગવી સંસ્કૃતિની ઓળખ માટે જાણીતો છે. પ્રકૃતિદેવો ભવની ભાવના સાથે પ્રથમ કોઈપણ કાર્યમાં પ્રકૃતિની પુજા કરીને કાર્યની શરૂઆત કરે છે. સમાજની જુદી જુદી પરંપરાઓ રહી છે. દક્ષિણ ગુજરાત આદિવાસી સમાજ વાઘબારસની પણ વિશિષ્ટ રીતે ઉજવણી કરે છે. કુકણા અને વારલી સમાજ આસો સુદ-૧૨ અને ઢોડિયા સમાજ આસો વદ ૧૨ ના દિવસે વાઘબારસની ઉજવણી કરે છે.

વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા સહિતના આદિવાસી વિસ્તારોમાં વાઘ બારસનું પર્વ પ્રકૃતિ, વન્યજીવો અને પશુધન પ્રત્યેની આસ્થા સાથે જોડાયેલું છે. ખાસ કરીને ઢોડિયા આદિવાસી સમુદાયોમાં વાઘદેવની પૂજા કરવાની પરંપરા રહી છે. આ પૂજાનો મુખ્ય ભાવ માનવજીવન અને પાલતુ પશુઓનું જંગલી પ્રાણીઓથી રક્ષણ થાય તથા ગામમાં સુખ-શાંતિ જળવાઈ રહે તેવો છે.

આદિવાસી લોકમાન્યતાઓમાં વાઘને શક્તિશાળી વન્યજીવ અને વનદેવના પ્રતીક તરીકે આદર આપવામાં આવે છે. ભૂતકાળમાં જંગલ સાથે ગાઢ સંબંધ ધરાવતા આદિવાસી પરિવારો માટે વાઘ અને અન્ય વન્યજીવોનું અસ્તિત્વ દૈનિક જીવનનો મહત્વનો ભાગ હતો. પશુધન અને માનવજીવનના રક્ષણની પ્રાર્થના સાથે વાઘદેવની પૂજા થાય છે.

પરંપરા મુજબ ગામમાં આવેલા વાઘદેવના સ્થાનકે અથવા પરંપરાગત પૂજાસ્થળે પૂજા કરવામાં આવે છે. સ્થાનિક માન્યતાઓ અનુસાર પૂજા સામગ્રી, નૈવેદ્ય અને પ્રસાદ અર્પણ કરવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં ખીરનો પ્રસાદ ધરાવવાનો ઉલ્લેખ મળે છે.

### વિસરાય રહેલી સંસ્કૃતિ

અગાઉના સમયમાં ગાયોના ગોવાળિયામાં ઉત્સાહ રહેતો, ઢોરને હાંકવા માટે લાકડી જે કોડીનું ઝાડ હોય તેની બનાવી સરસ રીતે કલર કરવામાં આવતો અને ઢોર હોય તેના શીંગડા પણ કલર કરવામાં આવતા અને તેની પુજા કરવામાં આવતી. હવે ધીમે ધીમે આ સંસ્કૃતિ વિસરાય રહી છે.

ધરમપુર તાલુકાના સજનીબરડા ગામે વાઘબારસની ઉજવણી અવસરે ગામના પોલીસ પટેલ નાનુભાઈ લક્ષુભાઈ દેશમુખ જણાવે છે કે, વાઘદેવની પુજા પહેલા ડુંગરપર માવલી માતાની પુજા અર્ચના કરવામાં આવે છે અને ત્યારબાદ વાઘદેવની પુજા ગામલોકો ભેગા મળીને કરે છે. વાઘદેવની પુજાનો મુખ્ય આશય ગામની રક્ષા માટે છે. લોકોની સુખશાંતિ વધે, ઢોરઢાખરનું રક્ષણ થાય, ગામલોકોને કોઈ મુશ્કેલી ન પડે તે છે. જયાં એક બંધારણ પણ કરવામાં આવે છે. ઘાસના બે પુળા લઈ સળગાવી તેના ઉપરથી ગામના કોટવાળ ત્રણવાર કુદે છે. જેને માતાજી માટેનો હોમ કહેવાય છે. ખાસ કરીને પશુધનની સુખાકારી માટે ગાય, ભેંસ, બકરી સહિતનાં પાલતુ પશુઓ સુરક્ષિત રહે અને જંગલી પ્રાણીઓથી નુકસાન ન થાય તેવી પ્રાર્થના કરવામાં આવે છે. એવુ કહેવાય છે કે, નવરાત્રિ ના દશેરા પૂજન બાદ ડુંગર દેવ અને માવલી માતાની પૂજા કરવાની શરૂઆત થાય છે.

તેઓ વધુમાં કહે છે કે, વાઘદેવની પુજા સાથે વિશેષ ધ્યાન એ પણ રાખવામાં આવે છે કે, ભીસાસુરની વિશેષ બલી એટલે કે વાઘદેવથી ઉધાં બેસીને ભગત પડદો રાખીને નાળયેર ચઢાવે છે એટલે કે બલી આપે છે. કહેવાય છે કે ભીસાસુરને આંખ સામે આંખ મીલાવી શકતા નથી એટલે પડદો રાખવામાં આવે છે. જેથી કોઈ નુકશાન ન થાય. સજનીબરડાના ગુલાબભાઈ ખરપડે જણાવે છે કે, અગાઉ ગામમાં ઢોર-ઢાંખર ન હતા. જેથી કુંકણા પવાર નું કુટુંબને ગામમાં વસાવ્યા જે પશુપાલનનો વ્યવસાય કરતા, આજે ગામ પશુપાલન વ્યવસાય કરે છે. અને વાર-તહેવારે આદિવાસીઓના દેવી-દેવતાઓની પુજા કરે છે. આદિવાસી સમાજની પ્રકૃતિ સાથેની નિકટતા, પશુધન પ્રત્યેની સંવેદના, સામૂહિક જીવન અને પેઢી દર પેઢી આગળ વધતી લોકપરંપરાઓને સમજવાની તક પણ છે. ગામના લોકો પરંપરા મુજબ એકત્ર થઈ પ્રકૃતિ વિધિઓમાં ભાગ લે છે અને લોકરીતિઓ દ્વારા પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવે છે. ઢોડિયા અને કુંકણા-વારલી સમાજ વાઘબારસની ઉજવણીમાં થોડી ભિન્નતા જોવા મળે છે. ઢોડિયા સમાજમાં વાઘબારસની ઉજવણી વખતે ખાસ ખીર બનાવવામાં આવે છે. એક ઢોરના ગોવાળિયાને વાઘ બનાવવામાં આવે છે. ગામના નક્કી કરેલી જગ્યાએ બધા ઢોર રાખી વચ્ચે ગોવાળિયો એટલે કે વાઘને રાખવામાં આવે છે અને ઢોરને ગોળ ગોળ ફેરવવામાં આવે છે. વાઘને લોકો દ્વારા દેશી ચેવટો (જંગલી ફળ) દ્વારા મારવામાં આવે છે. વાઘ ભાગીને નદી સુધી જાય અને ત્યાંથી મોઢામાં પાણી લઈ પાછો આવે છે.

# મોટીતંબાડી શાળામાં વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૨૫ :** તા. ૧૦/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ વલસાડ જીલ્લાના નાનાપોંઢા તાલુકાની મુખ્ય શાળા મોટી તંબાડીમાં કેનેરા રોબેકો મ્યુઅલ ફંડ (C.S.R. Activity) અંતર્ગત ધોરણ ૬ થી ૮ અભ્યાસ કરતા કુલ ૫૦ વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કેનેરા રોબેકોના કલસ્ટર હેડ રીતેશભાઈ જરીવાલા, ચાર્ટડ એકાઉન્ટન્ટ વિનોદભાઈ દેસાઈ, મનનભાઈ શાહ તથા પ્રવીણભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના બાળકો સાયકલ મેળવીને ખૂબ આનંદિત થયા. કાર્યક્રમના અંતે શાળાને આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ તથા શાળા પરિવારે કેનેરા રોબેકો મ્યુઅલ ફંડ ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

# નાનાપોંઢા તાલુકા કોંગ્રેસના નવા સુકાની તરીકે ગિરીશ પટેલની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૫ :** નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં પ્રમુખ પદને લઈને ચાલી રહેલા આંતરિક વિવાદનો શનિવારે અંત આવ્યો હતો. કોંગ્રેસના બહુમતી કાર્યકરો, આગેવાનો અને સભ્યોના સમર્થનથી યુવા આગેવાન ગિરીશ પટેલની તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ નિર્ણયથી કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અગાઉના પ્રમુખ હરેશ પટેલની ઓછી સક્રિયતાને લઈને છેલ્લા પાંચ વર્ષથી કાર્યકરોમાં નારાજગી હોવાની ચર્ચા હતી.

પ્રમુખપદે પરિવર્તનની માગ વચ્ચે શનિવારે નાનાપોંઢા ખાતે કોંગ્રેસના આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રમુખ અને ઉપ-પ્રમુખ ગેરહાજર રહ્યા હતા. જોકે, પીઢ આગેવાનો, માજી અને વર્તમાન સરપંચો



તેમજ તાલુકા પંચાયતના સભ્યોએ ગિરીશ પટેલના નામને સમર્થન આપતાં તેમની વરણીનો માર્ગ મોકળો થયો હતો.

તાલુકા પંચાયતનાં સભ્ય કુંજાલીબેન પટેલે કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. જ્યારે નવનિયુ

ક્ત પ્રમુખ ગિરીશ પટેલે આગામી સરપંચ અને વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને વિજય અપાવવા માટે સંગઠિત પ્રયાસો કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ઉમરગામથી 'આદિવાસી ન્યાય યાત્રા' શરૂ થઈ

# નાનાપોંઢામાં 'આપ'ની જનસભા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૫ :** વલસાડ જિલ્લાના ઉમરગામથી શનિવારે આમ આદમી પાર્ટી દ્વારા 'આદિવાસી ન્યાય યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. AAPના ધારાસભ્ય ચૈતર વસાવાને ન્યાય અપાવવા અને આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના અધિકારોના રક્ષણના હેતુથી શરૂ થયેલી આ યાત્રાના પ્રથમ દિવસે નાનાપોંઢાના બિરસા મુંડા ચોક ખાતે જનસભા યોજાઈ હતી. જનસભામાં ચૈતર વસાવાનાં પત્ની વર્ષાબેન વસાવા, શકુંતલાબેન વસાવા, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષાબેન વસાવાએ ભાજપ સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના અધિકારો માટે અવાજ ઉઠાવવો એ તેમનો બંધારણીય હક્ક છે. તેમણે સરકાર પર આદિવાસીઓનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ પણ કર્યો હતો.

AAPના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિકાસના નામે થતી રાજનીતિ સામે સવાલો ઉઠાવતાં આદિવાસી વિસ્તારોમાં હજુ પણ અનેક પાયાના પ્રશ્નો યથાવત હોવાનો આક્ષેપ કર્યો હતો. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પણ વલસાડ જિલ્લામાં રસ્તા, પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓને લગતી સમસ્યાઓ હજુ ઉકેલાઈ ન હોવાની વાત રજૂ કરી હતી.

આદિવાસી ન્યાય યાત્રા રાજ્યના ૧૪ આદિવાસી બહુલ જિલ્લાઓમાં ફરીને અંબાજી પહોંચશે. ત્યારબાદ આગામી ૪ નવેમ્બરે ગાંધીનગર ખાતે વિશાળ આદિવાસી મહાસંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં આશ્રમશાળાઓના વર્ષો જૂના પડતર પ્રશ્નો અંગે બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા.તા.૨૫ :** આજરોજ ગુજરાત રાજય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ તથા સંયુક્ત સચિવ અને નાયબ કમિશનર સાથે ગાંધીનગર ખાતે એક મહત્વ ની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓના કર્મચારીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નોના ઉકેલ માટે વિસ્તૃત અને સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ગૃહપતિ/ગૃહમાતાની જોગવાઈ અંગે, રૂ. ૪૨૦૦ના ગ્રેડ પે અંગે, વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી અંગે, GPF, જૂથ વીમો, LTC અને બદલીના પ્રશ્નો અંગે તથા આચાર્યની જગ્યા અને બઢતી અંગેના મહત્ત્વના મુદ્દાઓ પર રજૂઆત કરવામાં આવી હતી.

લગભગ બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ વિસ્તૃત બેઠક દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રશ્નો અંગે હકારાત્મક વલણ દાખવવામાં આવ્યું હતું. આશ્રમશાળાના કર્મચારીઓના હિતોનું રક્ષણ કરવા તથા વર્ષોથી પડતર પ્રશ્નોના ન્યાયસંગત ઉકેલ માટે ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ સતત પ્રયત્નશીલ રહેશે. કર્મચારીઓના હકો અને હિતો માટે સંઘ પોતાની રજૂઆત અને લડત અવિરત ચાલુ રાખશે. આ બેઠકમાં રાજ્ય સંઘના ભૂતપૂર્વ પ્રમુખ અને સલાહકાર નરસિંહભાઈ મહિડા, કાર્યકારી પ્રમુખ યોગેશભાઈ પટેલ, મહામંત્રી રસિકભાઈ ચૌધરી તથા દરેક જિલ્લાના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલચોંડી કન્યા વિદ્યાલયમાં ગરબા મહોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા. તા.૨૫** નાનાપોંઢા તાલુકા ના બાલચોંડી સ્થિત ચાલતી અંબેમાતા કન્યા વિધાલય માં નવરાત્રી મહોત્સવના ભાગરૂપે શાળાના ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ અને શાળા ના આચાર્ય જયદીપભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંબે માં ની આરતી - સ્તુતિ થી શાળા પરિસરનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ ઉપરાંત વિધાર્થીઓ એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાગત અવ નવા વેશભૂષામાં ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષક સ્ટાફ અને મોટી સંખ્યામાં વિધાર્થીઓ એ ખૂબ ઉત્સાહ સાથે ભાગ દીધો હતો.

# વલસાડ જિલ્લામાં ૩૧મીએ રાષ્ટ્રીય એકતા દિન ઉજવાશે

**વલસાડ, તા. ૨૩ :** ૩૧ ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ અવસરે એકતાનગર ખાતે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી થશે.

આ રાષ્ટ્રીય પર્વમાં જનજન જોડાઈ તેવા ભાવ સાથે વલસાડ જિલ્લાના તમામ ગામોમાં કાર્યક્રમો થશે. સાથે લોકો એકતાનગર ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ દરેક ગામમાં નિહાળી શકે તે માટે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. જેના સુચારૂ આયોજન માટે કલેકટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. બેઠકમાં કાર્યક્રમને અનુલક્ષીને તમામ વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. વાપી મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓમાં પણ વિશેષ કાર્યક્રમ થશે. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરે અધિકારીઓને કાર્યક્રમનું સમયબદ્ધ, સુવ્યવસ્થિત અને જનભાગીદારી સાથે આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા, પીવાનું પાણી, પ્રાથમિક આરોગ્ય સહિત આનુષંગિક વ્યવસ્થાઓ અગાઉથી જ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી અશોક ડાંગીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાના ૪૫૮ તમામ ગામોમાં એકતાની ભાવના સાથે કાર્યક્રમો થશે. સૌ પ્રથમ એકતા રેલી યોજાશે. સાંજે ૫-૦૦ વાગે શરૂ થનારા કાર્યક્રમમાં ગામના વિશિષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા લોકોનું સન્માન પણ કરવામાં આવશે.

# કપરાડામાં ગ્રામ પંચાયત બેઠકોનું રોટેશન જાહેર

## નાનાપોંઢાનું બાકી દાવેદારોની ઉત્સાહી આંખોથી જોવાતી રાહ

ગુજરાત રાજ્ય માં વિવિધ જિલ્લાઓની અસંખ્ય ગ્રામ પંચાયત ની મુદત આગામી ડિસેમ્બર માં પૂર્ણ થતી હોય છે. જે અંગે સંબધિત તંત્ર દ્વારા સામાન્ય / મહિલા અનામત વગેરે ની રોટેશેન યાદી પ્રસિદ્ધ કરવા માં આવી રહી છે. ત્યારે મુરતિયાઓ માં ચહલ પહલ શરૂ થઈ ગઈ છે. ત્યારે વલસાડ જિલ્લા ના આંતરિયા ના કપરાડા તાલુકા માં રોટેશન યાદી પ્રસિદ્ધ થઈ ચૂકી છે .જે ને લઈ વિવિધ પક્ષો ના સમર્થિત મુરતિયાઓ માં દોડ ધામ વધી ગઈ છે. અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. જેમાં કપરાડા ૬૯ ગ્રામ પંચાયત પૈકી ૫૦ ટકા મહિલા અનામત ના સરકાર ના ફોર્મ્યુલા ને લઈ ૩૫ ગ્રામ પંચાયત પર અનુસૂચિત આદિજાતિ ( એસ. ટી) મહિલા અનામત અને ૩૪ ગ્રામ પંચાયત સામાન્ય રોટેશન યાદી પ્રસિદ્ધ કરવા માં આવી હતી. જેમાં મહિલા અનામત ગ્રામ પંચાયતમાં આસલોણા જૂથ, અસ્ટોલ , બુરલા, દાબખલ,દહીખેડ , એકલેરા, ફતેપુર, ઘાડવી, જૂથ, ઘાણવેરી જૂથ, ઘોટણ, ગિરનારા, હેદલબારી જૂથ, જમગભાણ, કરચોંડ,કુકુનિયા લિખવડ, મેણધા, મોટીર . નાનીપલસાણ, નારવડ જૂથ, નીલોસી , પેંઢરદેવી, પીપરોણી, રોહિયાળ જંગલ , રોહિયાળ તલાટ , સરવરટાંટી જૂથ, સુથારપાડા જૂથ, તેરીચીખલી, તસ્કરી જંગલ , ટુકવાડા જૂથ, ઉમળી જૂથ , વાડધા જૂથ, વારોલી જંગલ, વરવઠ અને વાવર ગ્રામ પંચાયત બેઠકો પર એસ.ટી મહિલા અનામત રાખવા માં આવી છે . જ્યારે ૩૪ જેટલી ગ્રામ પંચાયત બેઠકો સામાન્ય રાખવા માં આવી છે જેમાં આંબાજંગલ જૂથ , બારપુડા જૂથ, ભવાડા જાગીરી, બોરપાડા જૂથ , બુરવડ, ચાંદવેગણ, ચાવશાળા, ચેપા, દીક્ષલ, દિવસી, ફળી, હૂંડા, કપરાડા જૂથ, કરજુન, ખડકવાળ, મધુબન, માલઘર, માલુદર, માલુંગી જૂથ, માની જૂથ, માતુનિયા, મેંદાવાળ, નાંદગામ, પાંચવેરા જૂથ, પીપલસેત, રાહોર જૂથ , સાહુડા, શિલ્ધા, સુલિયા, ટીટુમાળ , વાડી જૂથ, વડોલી, વાલવેરી જૂથ , વેરીભાવાડા અને વિરક્ષેત્ર ગ્રામ પંચાયત બેઠકો નો સમાવેશ થાય છે. આમ કપરાડા તાલુકા ની ૬૯ જેટલી ગ્રામ પંચાયત મહિલા અનામત અને સામાન્ય બેઠક નું રોટેશન યાદી પ્રસિદ્ધ થતા ની સાથે જ રાજકીય ગરમાવો જોવા મળી રહી છે. એક જાણકારી મુજબ ગ્રામ પંચાયત ના વોર્ડ પ્રમાણે રોટેશન યાદી પ્રસિદ્ધ થઈ નથી જે ને લઈ ઉત્સાહી મુરતિયાઓ માં દુવિધા જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે. કપરાડા તાલુકા ની ગ્રામ પંચાયત ની રોટેશન યાદી પ્રસિદ્ધ થતા મહિલા અનામત અને સામાન્ય બેઠક અંગે નું ચિત્ર સ્પષ્ટ ચૂક્યું છે. જ્યારે નવ નિયુક્ત નાનાપોંઢા તાલુકા ની ગ્રામ પંચાયતો ની રોટેશન યાદી પ્રસિદ્ધ થઈ નથી જે ને લઈ મુરતિયાઓ માં ભારે ઉત્સાહ સાથે રાહ જોવાઈ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આમ ગુજરાત રાજ્ય માં સંભવિત ફેબ્રુઆરી કે એપ્રિલ સુધી મા ગ્રામ પંચાયત ની ચૂંટણીઓ યોજાશે ની વકી ને લઈ દાવેદારો દ્વારા ભારે ચહલ પહલ જોવા મળી રહી છે. જેમાં કપરાડા - નાનાપોંઢા તાલુકા માં પણ આવનાર ગ્રામ પંચાયત ની ને લઈ દાવેદારોમાં દોડ ધામ વધી ગઈ હોવાનું જોવા મળે છે.



કપરાડાનો પત્ર

જગદીશ ભોયા,કપરાડા

# પેંણધા પ્રા. શાળામાં સુમિત્રાબેન બિરારીનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



ધરમપુર, તા. ૨૫ : ધરમપુર તાલુકાના પેંણધા પ્રાથમિક શાળામાં સુમિત્રાબેન એમ. બિરારીની નિવૃત્તિ સન્માન સમારોહ એક અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. નિવૃત્તિના આ પ્રસંગને યાદગાર બનાવતાં સુમિત્રાબેને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને પર્યાવરણ સંરક્ષણનો સુંદર સંદેશ આપ્યો હતો. -પ્રકૃતિના ઉછેર, જતન અને કાળજીના હેતુથી શાળાનાં બાળકો, સ્ટાફ પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, ગામના વડીલો તેમજ કેન્દ્રની શાળાઓને યાદગીરીરૂપે કેસર આંબાની કલમો ભેટ આપવામાં આવી હતી. આ અનોખી ભેટ દ્વારા તેમણે વૃક્ષારોપણ અને પ્રકૃતિ સંવર્ધનનું મહત્ત્વ સમજાવવાનો પ્રેરણાદાયી પ્રયાસ કર્યો હતો.પેંણધા પ્રાથમિક શાળા પરિવાર દ્વારા સુમિત્રાબેન એમ. બિરારીને નિવૃત્ત જીવનની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. નિવૃતિ સન્માન સમારોહને યાદગાર બનાવવા રેખા કેદારિયા, તૃપ્તિ પટેલ, દઢાવ, પ્રાબેન, સુમિત્રા બિરારી, પ્રકાશ મહાલ્સ, જિતેશ પટેલ, તૃપ્તિ પટેલ, તુષાર પટેલ, પ્રીતિ ચૌધરી, સી. એમ. પટેલ, હિતેન્દ્રકુમાર માયાવંશી, મહેન્દ્ર ચૌધરી, વિરલ પટેલ અને શૈલેષ પટેલ સહિતની કામગીરી પ્રસશનીય રહી હતી.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 26, October 2026


## સંકટ યુરોપનું, ચિંતા આખા વિશ્વની

પ્રગતિશીલ અને શિક્ષિત ગણાતા યુરોપના વિવિધ દેશમાં વિભિન્ન કારણે સરકારોની વિરુદ્ધ શરૂ થયેલા ધરણા- પ્રદર્શનો હવે અરાજકતા અને ઘર્ષણમાં પરિવર્તિત થવા લાગ્યા છે. સમસ્ત યુરોપ સંકટમાં છે, યુરોપમાં સંકટ છે. શરૂમાં તો ફ્રાન્સ સળગ્યું હતું, પરંતુ તે આ અલ્બાનિયા, પોર્ટુગલ અને બેલ્જિયમ સહિત ફેલાઈ ગઈ. રસ્તા ઉપર ઊતરીને સરકારોની વિરુદ્ધ પ્રદર્શન કરનારાઓની સંખ્યા વધી રહી છે. શાસકની સામે વિરોધ કે અસંતોષ કોઈ નવી વાત નથી, પરંતુ યુરોપમાં અસંતોષનું આ પ્રદર્શન હિંસા, લૂંટ અને આગજની જેવા બનાવમાં ફેરવાયું છે. ફ્રાન્સની સ્થિતિ સૌથી ગંભીર છે અને તે ભવિષ્યના ઘેરા સંકટના સંકેત આપી રહી છે. ભારતમાં જેન-ઝીના આંદોલનોના દૃશ્ય જોઈને ચિંતા કરનારા લોકો યુરોપની વિગતો જાણી કહી રહ્યા છે કે સુખી-સંપન્ન ગણાતા, જ્યાં ખુશીનો આંક ભારત કરતાં અનેકગણો વધારે છે તેવા દેશોમાં લોકો-યુવાનો રસ્તા ઉપર ઊતરી આવ્યા છે. આના કરતાં તો ભારતની સ્થિતિ સારી છે કે લોકોએ આટલી હિંસક લડાઈ કરી નથી. સરકાર આંદોલનને આટલી હદે તીવ્ર બનતું રોકવામાં સફળ રહી છે. સામે આપણા આંદોલનકર્તા સંગઠનો, યુવાનોએ પણ સૂત્રો બહુ પોકાર્યા પરંતુ આટલી હિંસા કરી નથી, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડયું નથી. યુરોપના આ દેશોની હાલત તો એટલી ખરાબ છે કે પોલીસ કર્મચારીઓ ઉપર હુમલા થઈ રહ્યા છે. ફ્રાન્સમાં ધરણા પ્રદર્શનની શરૂઆત શાળાની સુવિધાની ઉણપ અને શિક્ષકોના સંદર્ભે શરૂ થઈ હતી. પછી મોંઘવારી, સામાજિક યોજનાઓમાં મૂકાતો કાપ જેવા મુદ્દા તેમાં ભળ્યા. અન્ય દેશોમાં પણ સરકાર ઉપર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરતા લોકો રસ્તા ઉપર ઊતરી આવ્યા છે. મોંઘવારી કે બેરોજગારી જેવા મુદ્દા ત્યાં પણ છે. રહેવાના મકાનની અછત પણ મહત્ત્વનો મુદ્દો છે. આગામી દિવસોમાં યુરોપના અન્ય દેશો પણ આ હુતાશનનો ભોગ ન બને તે ચિંતા છે. યુરોપમાં અત્યારે અપ્રવાસીઓ-ઈમિગ્રન્ટ ઉપર લેવાઈ રહેલાં પગલાંથી રોષ છે. બહારથી ત્યાં જઈને અનધિકૃત રીતે વસેલા લોકોનો વિરોધ થઈ રહ્યો છે તેનો ભોગ અધિકૃત રીતે ત્યાં વસતા લોકો પણ બની રહ્યા છે. જો કે, આ રોષ તો અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં વસતા ઈમિગ્રન્ટ વિરુદ્ધ પણ દેખાય છે. યુરોપની સ્થિતિ નિયંત્રણમાં નથી આવી રહી તેમાં સરકારોની થોડી શિથિલતા છે સામે આવી હાલત અને લોકોની નારાજગીનો ગેરલાભ લઈને હિંસા આચરનારા લોકો પણ છે. આના મૂળ ક્યાંક આતંકવાદી માનસિકતા ધરાવતા સંગઠનો કે લોકો સુધી પણ લંબાતા હોય તો આશ્ચર્ય થાય તેમ નથી. એક રીતે જોઈએ તો યુરોપની આ લડાઈ તેના એકલાની નથી. આવા હિંસક તત્ત્વો સામે વિશ્વના દેશોએ એક થઈને લડવું જોઈએ. વિશ્વના અન્ય દેશોમાં પણ ભવિષ્યમાં આવું નહીં થાય તેમ કહી ન શકાય.



### પટનાના કાર્યક્રમમાં ભારે હોબાળો

# મોદીના બાપ પણ જેલમાં જશે : ખડગે

(સંપૂર્ણ સમાચાર સેવા)
પટના, તા.૨૫ : કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું ભાષણ ખોરવાઈ ગયું. તેઓ પટનાના બાપુ સભાગર ખાતે કોંગ્રેસ દ્વારા આયોજિત શ્રી કૃષ્ણ સિંહ જયંતિ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમના ભાષણ દરમિયાન, એક યુવકે તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે ટિપ્પણી કરતા અટકાવ્યા. યુવકે કહ્યું કે પીએમ મોદી ક્યાંય જશે નહીં, જેના જવાબમાં ખડગેએ કહ્યું કે, મોદીનો બાપ પણ જશે.... આના કારણે કાર્યક્રમમાં અરાજકતા ફેલાઈ ગઈ. એવો આરોપ છે કે કોંગ્રેસના કાર્યકરોએ યુવકને પકડી લીધો અને તેના પર હુમલો કર્યો.

હંગામાથી થોડા સમય માટે સભામાં ખલેલ પડી, અને સમગ્ર ઘટના ખડગેની સામે જ બહાર આવી. જો કે, યુવકની ઓળખ અને હુમલાના સંપૂર્ણ સંદર્ભની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. તે કાર્યક્રમમાં કોની સાથે પહોંચ્યો હતો અને તેણે ખડગેના ભાષણનો વિરોધ કેમ કર્યો તે હજુ સુધી સ્પષ્ટ નથી.

મંચ પરથી મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે દાવો કર્યો કે દેશમાં જ્યાં પણ ભાજપ સત્તામાં છે, ત્યાં છેતરપિંડી દ્વારા જ તેની રચના કરવામાં આવી છે. તેમણે આગામી ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા કરાવવાની પણ માંગ કરી. તેમણે કહ્યું કે, ચૂંટણીઓ EVMને બદલે બેલેટ પેપર દ્વારા કરાવવી જોઈએ. ઈફ્રસ નાબૂદ કરો અને બેલેટ પેપર રજૂ કરો.

પોતાના ભાષણમાં, મલ્લિકાર્જુન ખડગેએ અનેક મુદ્દાઓ પર ભાજપ અને કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે દાવો કર્યો કે દેશમાં ભાજપ સરકારનું પતન નિશ્ચિત છે. RSS પર નિશાન સાધતા ખડગેએ કહ્યું કે જ્યાં સુધી દેશમાંથી RSS વિચારધારાનો નાશ ન થાય ત્યાં સુધી હિંસા બંધ નહીં થાય. તેમણે RSS પર નફરતનું રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો.

કોંગ્રેસ પ્રમુખ ખડગેએ ભાજપ પર મતદાર યાદીઓમાંથી નામો દૂર કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જ્યારે તેઓ પોતાનું કામ કરી શકતા નથી, ત્યારે તેઓ ધારાસભ્યોને ખરીદે છે. ખડગેએ ચૂંટણી પ્રક્રિયા અંગે સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે મિલીભગતનો પણ આરોપ લગાવ્યો. વધુમાં, તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર આકરા પ્રહારો કર્યા, તેમને "દેશદ્રોહી" ગણાવ્યા. તેમણે બાપુ સભાગૃહમાં કહ્યું કે બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર અને હરિયાણાની સરકાર ચોરીની સરકાર છે. આ વોટ ચોરી કરનારી સરકાર છે. તેમણે આગળ કહ્યું કે મોંઘવારી ચરમસીમા પર છે. ડુંગળી મોંઘી થઈ રહી છે. ગરીબ માણસ દાળ-રોટલી ખાય છે. દાળ ન હોય તો ડુંગળી-રોટલી ખાય છે. આજે ડુંગળી મોંઘી થઈ ગઈ છે, આ મોદી લોકોનું ગળું કાપી રહ્યા છે. સંસદ ચાલે છે, તો મોદી અને શાહ ડરીને પાર્લામેન્ટની અંદર નથી આવતા. રાહુલ ગાંધી બહાર ગયા છે, પોતાના કામથી ગયા છે. જ્યારે પાછા આવશે ત્યારે આ લોકોની બરાબર સરભરા થશે. આ લોકો ફક્ત રાહુલ-રાહુલ કર્યા કરે છે. આ લોકોના સપનામાં પણ રાહુલ ગાંધી આવે છે.

ભાજપે વળતો પ્રહાર કરતા કહ્યું કે જ્યારે જે ભાષાને અસામાજિક તત્વો સાથે જોડવામાં આવતી હતી, આજે કોંગ્રેસ અધ્યક્ષ તે જ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. તેમના યુવરાજ આ જ ગુસ્સામાં ક્યારેક રસ્તા પર મહિલા પોલીસકર્મીઓ સાથે ખરાબ વર્તન કરે છે, તો ક્યારેક પોતાના જ નેતાઓ સાથે ધક્કામુક્કી કરે છે. તેમની આખી કાર્યશૈલી માફિયા પ્રવૃત્તિ જેવી થઈ ગઈ છે. આ કોઈ રાજકીય પક્ષ નથી, પરંતુ એક માફિયા ગેંગ વધુ પ્રતીત થાય છે.

# આતંકવાદ પર બેવડાં ધોરણો બંધ કરો : જયશંકરની દુનિયાને ચેતવણી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૫ : વિદેશમંત્રી એસ. જયશંકરે ૨૫ ઓક્ટોબરે કહ્યું કે આતંકવાદનો ઉપયોગ કોઈ દેશની નીતિઓને આગળ વધારવાના સાધન તરીકે કરવો સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેને ક્યારેય યોગ્ય ઠેરવી શકાય નહીં કે તેના સમર્થનમાં કોઈ દલીલ આપી શકાય નહીં.

જયશંકરે કહ્યું કે આતંકવાદનો ખતરો એટલા માટે યથાવત્ છે, કારણ કે તમામ દેશો ખરેખર તેને જરાય સહન નહીં કરવાની નીતિ અપનાવતા નથી. દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કોઈ દેશનું નામ લીધા વિના તેમણે કહ્યું કે આતંકવાદના ઈતિહાસમાંથી ઘણા બોધપાઠ મળ્યા હોવા છતાં કેટલાક દેશો હજી પણ રાજકીય હિતોને પ્રાથમિકતા આપે છે. ચિન્મય મિશનની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે શાંતિના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને એવા સમયે જ્યારે દુનિયાના વિવિધ ભાગોમાં સંઘર્ષ ચાલી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, "ચાલો, શાંતિની અવિભાજ્યતા વિશે વિચારીએ. ક્યાંય પણ યુદ્ધ થાય તો તે દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો છે." યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જ્યારે ભારત કહે છે કે સંવાદ અને કૂટનીતિ જ એકમાત્ર ઉકેલ છે, ત્યારે તે વૈશ્વિક ભાવનાને વ્યક્ત કરે છે. જયશંકરે કહ્યું, "આતંકવાદ શાંતિ માટેનો બીજો ઘાતક ખતરો છે. આતંકવાદનો ઉપયોગ કોઈ દેશની નીતિઓ અને ઉદ્દેશોને આગળ વધારવાના સાધન તરીકે કરવો સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેને ક્યારેય યોગ્ય ઠેરવી શકાય નહીં કે તેના સમર્થનમાં કોઈ દલીલ આપી શકાય નહીં. આ છતાં આતંકવાદ ચાલુ છે, કારણ કે તમામ દેશો ખરેખર તેને જરાય સહન નહીં કરવાનું વલણ અપનાવતા નથી. ઈતિહાસમાંથી આટલા બોધપાઠ મળ્યા હોવા છતાં કેટલાક દેશો હજી પણ રાજકીય હિતોને પ્રાથમિકતા આપે છે." તેમણે કહ્યું કે તેથી દુનિયાએ આ સહિયારા ખતરા પ્રત્યે વધુ સજાગ થવું જોઈએ અને આતંકવાદનાં તમામ સ્વરૂપોનો સામનો કરવા માટે વધુ મક્કમ સંકલ્પ સાથે એકજૂથ થવું જોઈએ.

# ભારતીય ખેડૂતો માટે નવા બજારો ખૂલી રહ્યા છે: મોદી

## પ્રધાનમંત્રી મોદીની વોકલ ફોર લોકલની અપીલ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૫ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશ-વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કર્યા. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૩૯મો એપિસોડ હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું કે આજથી ૧૨ વર્ષ પહેલા આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમણે લોકોને સંબોધિત કરતા કહ્યું કે, મારી આ યાત્રા સતત આગળ વધી રહી છે અને આ યાત્રાના સહયાત્રી અને માર્ગદર્શક તમે બધા છો. વડાપ્રધાન મોદીએ કહ્યું, "મારા માટે મન કી બાત એ આપણા દેશના લોકોના પરિશ્રમ, શૌર્ય, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સેવાભાવનાની ગૌરવગાન કરવાનો શુભ અવસર રહ્યો છે. મારા માટે મન કી બાત એક તીર્થયાત્રા સમાન છે. છેલ્લા ૧૨ વર્ષોમાં દેશના ખૂણેખૂણેથી એવા અનેક લોકો સામે આવ્યા છે, જેમનું અસાધારણ યોગદાન ઘણીવાર સમાજની નજરમાં આવતું નથી. મન કી બાત એ આવી અસંખ્ય પ્રેરણાદાયી કહાનીઓને તમારા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે." વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, "આપણા દેશમાં અનેક પરંપરાગત કૌશલ્યો છે, જે પેઢીઓથી આપણી ઓળખનો હિસ્સો રહ્યા છે. એ જોઈને આનંદ થાય છે કે આ પરંપરાઓને હવે નવા અભિગમો સાથે જોડવામાં આવી રહી છે અને તેને આજના સમયને અનુરુપ આગળ ધપાવવામાં આવી રહી છે. પંજાબમાં પણ આવો જ એક પ્રયાસ લાંબા સમયથી ચાલી રહ્યો છે, જ્યાં ખેતી વિરાસત મિશન નામની એક સંસ્થાએ જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓમાં નવા પ્રાણ ફૂંકવાનું શરૂ કર્યું છે. આ ટીમના લોકો પંજાબના માલવા ક્ષેત્રમાં કપાસની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માંગતા હતા. આ પહેલને નવ-ત્રિંજન નામ આપવામાં આવ્યું છે."

# ૭ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

**૨૭ ઓક્ટોબરની સવાર સુધી બંગાળની ખાડીમાં બની રહેલું લો-પ્રેશર વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૫ : બંગાળની ખાડીમાં બની રહેલું લો-પ્રેશરનું ક્ષેત્ર સતત મજબૂત થઈ રહ્યું છે અને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની તૈયારીમાં છે. હવામાન વિભાગ શનિવારે જણાવ્યું કે ૨૭ ઓક્ટોબર સુધી તે ગંભીર ચક્રવાતી તોફાનમાં બદલાઈ શકે છે. આ સાથે ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, છત્તીસગઢ અને કેરલમની સાથે અન્ય કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું કે હળવા દબાણનું ક્ષેત્ર પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફ વધવા અને ૨૬ ઓક્ટોબરની સવાર સુધી બંગાળની ખાડીના પૂર્વ-મધ્ય અને તેની નજીક પશ્ચિમ-મધ્ય હિસ્સાની ઉપર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની પ્રબળ સંભાવના છે. હવામાન વિભાગ પ્રમાણે ત્યારબાદ ૨૭ ઓક્ટોબરની સવાર સુધી તોફાન પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીની ઉપર ગંભીર ચક્રવાતી તોફાનમાં બદલાવાનું અનુમાન છે. તેના ઉત્તર-પશ્ચિમ તરફ વધવા અને વધુ તીવ્ર થઈ ગંભીર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની આશંકા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ૨૮ ઓક્ટોબરની સવાર સુધી આંધ્ર પ્રદેશના કિનારાની પાસે પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી સુધી પહોંચવાનું અનુમાન છે. તે ૨૮ ઓક્ટોબરે પૂર્વાહ્ન બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આંધ્ર પ્રદેશ તથા યામનના કિનારે ખુબ ગંભીર ચક્રવાતી તોફાનના રૂપમાં પાર કરવાની પ્રબળ સંભાવના છે.

વિભાગ અનુસાર આ દરમિયાન હવાની મહત્તમ નિરંતર ગતિ ૧૧૫થી ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક રહી શકે છે, જ્યારે પવનના ઝાપટાંની ગતિ પ્રતિ કલાક ૧૪૦ કિલોમીટર સુધી પહોંચવાની શક્યતા છે. હાલ બંગાળની ખાડીમાં હવાઓની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ છે.

૨૬ ઓક્ટોબરે હવાની ગતિ ૭૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાક રહી શકે છે. તો કિનારાની નજીક પહોંચવા પર ગતિ ૧૦૦ની આસપાસ જઈ શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૨૫ ઓક્ટોબરથી અંડમાન નિકોબાર દ્વીપસમૂહમાં વરસાદનો સિલસિલો શરૂ થઈ શકે છે. ઓડિશામાં ૨૬ ઓક્ટોબરથી વરસાદ શરૂ થઈ શકે છે. ભારે પવન સાથે વરસાદ મોટી સંખ્યામાં વૃક્ષો વેરવિખેર કરી શકે છે. તેવામાં લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. ચક્રવાતની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે તૈયારીઓ તેજ કરી છે. મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ અધિકારીઓ સાથે બેઠક યોજીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સરકારનો હેતુ જાનહાનિ અટકાવવાનો અને નુકસાન ઓછું કરવાનો છે. આગાહી અનુસાર, ગંજામ, ગજપતિ, રાયગડા, કોરાપુટ અને માલકાનગિરી જિલ્લામાં ૨૮ અને ૨૯ ઑક્ટોબરે ભારે વરસાદ તથા તેજ પવનની શક્યતા છે. આ જિલ્લાઓમાં ૨૭થી ૨૯ ઑક્ટોબર દરમિયાન શાળા-કોલેજ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

# ફારૂક અબ્દુલ્લાનું વિવાદાસ્પદ નિવેદન

## પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પર મુદ્દો ઉઠાવે છે એટલે કાશ્મીરીઓ બચ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ, તા.૨૫
નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાનું એક વિવાદસ્પદ નિવેદન સામે આવ્યું છે. બારામુલ્લા ખાતે યોજાયેલા એક સંમેલનમાં બોલતા તેમણે કાશ્મીરીઓના અસ્તિત્વને પાકિસ્તાન સાથે જોડ્યું હતું. આ સાથે જ તેમણે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અને બંધારણની કલમ ૩૭૦ ફરી લાગુ કરવાની માંગ દોહરાવી હતી. ફારુક અબ્દુલ્લાએ કહ્યું છે કે, 'કાશ્મીરીઓ માત્ર એટલા માટે બચેલા છે કારણ કે પાકિસ્તાન દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર આ મુદ્દો ઉઠાવતું રહે છે, બાકી તેમના પ્રત્યે ભારત સરકારના ઈરાદા બરાબર નથી.' ફારુક અબ્દુલ્લાના આ નિવેદન સામે ભારતીય જનતા પાર્ટીએ આકરો વિરોધ નોંધાવ્યો છે. જમ્મુ-કાશ્મીર ભાજપના નેતા યુદ્ધવીર સેઠીએ આ નિવેદનની આકરી ટીકા કરતાં કહ્યું કે, પાકિસ્તાનને કાશ્મીરીઓના શુભચિંતક તરીકે દર્શાવવું એ દેશ વિરોધી કૃત્ય છે. તેમણે માંગ કરી છે કે દેશ વિરુદ્ધ ઝેર ઓકનારા ફારુક અબ્દુલ્લા સામે દેશદ્રોહનો ગુનો નોંધવો જોઈએ અને તેમણે આ નિવેદન બદલ દેશની માફી માંગવી જોઈએ. બારામુલ્લામાં લોકોને સંબોધતા નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષે આગળ કહ્યું છે કે, 'જ્યાં સુધી તમે પોતાના પગ પર ઊભા નહીં રહો, ત્યાં સુધી તમને ક્યારેય સન્માન નહીં મળે, મારી આ વાત યાદ રાખજો. જો તમે પગભર થવા માંગતા હોવ તો સૌ પ્રથમ તમારા ઈશ્વરને યાદ કરો અને તેમના બતાવેલા સાચા માર્ગ પર ચાલો.' તેમણે ઉમેર્યું કે આ જ સાચી શક્તિ છે અને આપણે રાજકારણમાં એવા ઘણા મોટા નેતાઓને જોયા છે જેમણે લોકો પર અત્યાચાર ગુજાર્યા છે. તેથી જ્યાં સુધી લોકો એકજૂટ નહીં થાય, ત્યાં સુધી કોઈ અધિકાર મેળવી શકાશે નહીં.

# ફ્રાન્સ ફરી ભડકે બળ્યું, ૪ લાખ દેખાવકારો રસ્તા પર ઊતર્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)
ફ્રાન્સ, તા.૨૫ : ફ્રાન્સમાં વધતી જતી મોંઘવારી, શિક્ષણ બજેટમાં કાપ અને સરકારી નીતિઓ સામે લોકોનો રોષ હવે બેકાબૂ બની રહ્યો છે. દેશભરમાં ફાટી નીકળેલા હિંસક દેખાવા દરમિયાન પોલીસ અને દેખાવકારો વચ્ચે થયેલી ઝપાઝપી બાદ સુરક્ષા દળોએ દેશભરમાંથી આશરે ૧૦૦૦ જેટલા લોકોની અટકાય કરી છે. ફ્રાન્સના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરેલા આંકડાઓ અનુસાર, રાજધાની પેરીસ સહિત દેશના વિવિધ મુખ્ય શહેરોમાં ૪ લાખથી વધુ લોકો રસ્તા પર ઉતર્યા હતા. જો કે, મજૂર યુનિયનોનો દાવો છે કે સરકારના આ આંકડા કરતા દેખાવકારોની વાસ્તવિક સંખ્યા ઘણી વધારે હતી.

સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષા અને સરકારી ઈમારતોને ભીડથી બચાવવા માટે ફ્રાન્સના ગૃહ મંત્રાલય દ્વારા ૭૦ હજારથી વધુ પોલીસકર્મીઓ અને સુરક્ષા જવાનોને તહેનાત કરવામાં આવ્યા હતા. પેરીસના પોર્ટ દે વિંસેન વિસ્તારમાં હજારોની મેદની ભેગી થઈ હતી. આ દરમિયાન કેટલાક નકાબપોશ દેખાવકારોએ પોલીસ પર ફટાકડા, કાચની બોટલો અને પથ્થરમારો કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે વોટર કેનન, સ્ટન ગ્રેનેડ અને આંસુ ગેસના ગોળા છોડવાની ફરજ પડી હતી. પેરીસ ઉપરાંત લિયોન, રેન્સ અને માર્સે જેવા મોટા શહેરોમાં પણ ભારે હોબાળો મચ્યો હતો. દેખાવકારોએ રસ્તાઓ પર ટાયરો સળગાવીને આગજની કરી હતી અને દુકાનોમાં તોડફોડ કરી હતી. આ વિશાળ દેખાવો દેશના મજૂર યુનિયનો, છાત્ર સંગઠનો અને વામપંથી રાજકીય પક્ષોના સંયુક્ત મોંચાના આહ્વાન પર યોજવામાં આવ્યા હતા. દેખાવકારોઓની મુખ્ય માંગણીઓમાં નીચેના મુદ્દાઓ સામેલ છેઃ

- મોંઘવારી ભથ્થુંઃ વધતી મોંઘવારી સામે પહોંચી વળવા માટે નાગરિકોને દર મહિને કોસ્ટ-ઓફ-લિવિંગ ભથ્થું આપવામાં આવે.
- મુખ્ય સવલતોઃ સરકારી ઘરોના ભાડામાં વધારો ન કરવામાં આવે અને તાત્કાલિક ધોરણે સાર્વજનિક શિક્ષણ બજેટમાં વધારો કરવામાં આવે.
- આર્થિક તંગી અને મોંઘવારીથી ત્રસ્ત જનતાનો ગુસ્સો સીધો પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનની સરકાર સામે ફૂટી નીકળ્યો છે.

મોટા પાયે થયેલી આ અટકાયતો બાદ સ્થાનિક તપાસ એજન્સીઓ અને પોલીસ દ્વારા ગેરકાયદે હથિયારો રાખવા, સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવા અને ગેરકાયદે ભીડ એકત્ર કરવાના ગુના હેઠળ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, આંદોલનનું નેતૃત્વ કરી રહેલા આયોજકોએ પીછેહટ કરવાનો સાફ ઇનકાર કરી દીધો છે. તેણે આગામી દિવસોમાં દેશવ્યાપી હડતાલને વધુ તેજ કરવાની ચેતવણી આપી છે, જેના કારણે રાષ્ટ્રપતિ મેક્રોં સરકાર સામે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની ગંભીર આહ્વાન ઊભી થઈ છે.

# CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જન મહાભિયોગ લાવશે વિપક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૫ઃ દિલ્હીના રામલીલા મેદાનમાં મોટી રેલી પહેલા ઈન્ડિયા ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જનતાનો મહાભિયોગ ચલાવવાની જાહેરાત કરી છે. ૩૦ ઓક્ટોબરે વિપક્ષ મોક પાર્લિયામેન્ટનું આયોજન કરશે. કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યુ કે ઈન્ડિયા ગઠબંધનના નેતા એક સાથે આવી જનતાનો ચુકાદો સંભળાવશે અને સીઈસી જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરશે. વિપક્ષનો આરોપ છે કે એસઆઈઆરની પ્રક્રિયામાં ગડબડીઓને કારણે દેશમાં મોટી સંખ્યામાં લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. આ સિવાય ચૂંટણીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેને લઈને કોંગ્રેસ સહિત વિપક્ષી દળ સીઈસીના રાજીનામાની માગ કરી રહ્યાં છે. ૧૨ ઓક્ટોબરે કોંગ્રેસની આગેવાનીમાં વિપક્ષે દિલ્હી માર્ચ કરી હતી. હવે ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં મોટું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સૂત્રોનું કહેવું છે કે આ આયોજન દિલ્હીની અશોક હોટલમાં થઈ શકે છે. કોંગ્રેસના સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યુ કે વોટ ચોરી વિરુદ્ધ વિપક્ષી દળોનું ગઠબંધન ૩૦ ઓક્ટોબરે એક પબ્લિક ઇમ્પીચમેન્ટ (જન મહાભિયોગ) આયોજીત કરશે, જે હેઠળ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદથી હટાવવાની માંગને લઈને જનતાનો નિર્ણય સામે રાખવામાં આવશે. વેણુગોપાલે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે બંધારણ બચાવવા અને વોટ ચોરોને હરાવવાના પ્રયાસ હેઠળ આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવશે. તેમણે કહ્યું કે ૩૦ ઓક્ટોબરે યોજાનાર આ મહત્વપૂર્ણ જન મહાભિયોગમાં વોટ ચોર સીઈસી જ્ઞાનેશ કુમારને હટાવવાનો નિર્ણય જોરદાર રીતે સામે રાખવામાં આવશે.

કોંગ્રેસ નેતાએ જણાવ્યું કે ત્યારબાદ ૧ નવેમ્બરે વોટ ચોરી વિરુદ્ધ દિલ્હી ચલો માર્ચ કાઢવામાં આવશે, જે રામલીલા મેદાનમાં એક વિશાળ સભાની સાથે સમાપ્ત થશે. તેમણે દાવો કર્યો કે આ સભામાં ઓછામાં ઓછા ૧૦ લાખ જાગૃત નાગરિક સામેલ થશે.

# જો વિરોધ દબાવ્યો તો નેપાળ-બાંગ્લાદેશ જેવી હાલત થશે :સોનમ વાંગચુક



(સંપૂર્ણ સમાચાર સેવા) લદાખ, તા.૨૫ઃ લદ્દાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે સરકારોને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોને લઈને ચેતવણી આપી છે. મુંબઈમાં યોજાયેલા IPF ફેસ્ટિવલમાં બોલતાં તેમણે કહ્યું કે, જો સરકારો લોકોના શાંતિપૂર્ણ પ્રદર્શનોને દબાવવાનો પ્રયાસ કરશે અને તેમને પોતાની વાત રજૂ કરવાની તક નહીં આપે, તો નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. સોનમ વાંગચુકે જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ પ્રદર્શનો સરકારને પોતાની નીતિઓ અને નિર્ણયો પર પુનર્વિચાર કરવાની તક આપે છે. જ્યારે લોકો પોતાની ફરિયાદો ખુલ્લેઆમ રજૂ કરે છે, ત્યારે સરકારને સમજાય છે કે કયા મુદ્દાઓ પર સુધારાની જરૂર છે. તેથી પ્રદર્શનકારીઓના અવાજને દબાવવાને બદલે તેમની વાત સાંભળવી જોઈએ.

ઈન્ડિયા ટુડેના અહેવાલ અનુસાર, વાંગચુકે બ્રિટન, નોર્વે અને સ્વીડન જેવા દેશોનાં ઉદાહરણ આપતાં કહ્યું હતું કે ત્યાં સંસદની નજીક પણ લોકોને પોતાની વાત રજૂ કરવાની તક મળે છે. ભારતમાં સંસદથી દૂર આવેલા જંતર-મંતરનો ઉલ્લેખ કરીને તેમણે સવાલ કર્યો હતો કે લોકોને સત્તાના કેન્દ્રની નજીક પોતાની વાત રજૂ કરવાની તક કેમ ન મળવી જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે, શાંતિપૂર્ણ વિરોધના અવાજને દબાવવાનાં પરિણામો નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવા દેશોમાં જોવા મળ્યાં છે. જોકે, આ દેશોની પરિસ્થિતિઓ અને રાજકીય ઘટનાઓ અલગ-અલગ રહી છે.

વાંગચુકે શાંતિપૂર્ણ પ્રદર્શનને બંધારણીય અધિકાર ગણાવ્યો હતો. તેમના મતે, મંજૂરી અથવા જાણ કરવાની પ્રક્રિયાનો હેતુ વહીવટીતંત્રને શહેરમાં યોજાનારા કાર્યક્રમોની માહિતી આપવાનો હોવો જોઈએ, ન કે લોકોના અવાજને અટકાવવાનો. પ્રદર્શનકારીઓની ધરપકડ અંગે પણ તેમણે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે સંદેશ આપનાર વ્યક્તિને નિશાન બનાવવાને બદલે તેના સંદેશને સાંભળવો જોઈએ. સોનમ વાંગચુકે પ્રદર્શનકારીઓને નિયંત્રિત કરવા માટે અર્ધલશ્કરી દળોની તૈનાતી અંગે પણ ટીકા કરી હતી. તેમના મતે, આ દળોનો ઉપયોગ આંતરિક વિરોધ પ્રદર્શનોને સંભાળવા માટે કરવાને બદલે દેશની સરહદોની સુરક્ષા માટે કરવું જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે, શિયાળામાં સુરક્ષાદળોની તૈનાતીમાં ફેરફાર થાય ત્યારે ચીન લદ્દાખને અડીને આવેલા વિસ્તારોમાં ધીમે-ધીમે આગળ વધે છે.

# ૧ કલાકમાં ઈઝરાયલને ખાત્મો બોલાવી દઈશુ :ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૨૫
ઈરાન અને ઇઝરાયલ વચ્ચેનો તણાવ ફરી વધી રહ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઈરાનની વર્તમાન સત્તા ઉથલાવવાની ચેતવણી આપ્યા બાદ ઈરાન તરફથી વળતો જવાબ આપવામાં આવ્યો છે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના વડા ઇબ્રાહિમ અઝીઝીએ ચેતવણી આપી છે કે જો ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા અને હિતો પર હુમલો થશે, તો ઇઝરાયલને એક કલાકથી પણ ઓછા સમયમાં રહેવા લાયક નહીં છોડવામાં આવે.

અઝીઝીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ઇઝરાયલનાં મહત્ત્વનાં માળખાં દર્શાવતો નકશો પણ શેર કર્યો છે. તેમાં દરિયાના પાણીને પીવાલાયક બનાવતા પ્લાન્ટ, વીજમથકો, તેલ રિફાઇનરી, ઇંધણ સંગ્રહ કેન્દ્રો, પુલ અને ડિમોના પરમાણુ સંશોધન કેન્દ્ર સહિતનાં સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઈરાની નેતાની ધમકી છે; આ સ્થળો પર હુમલો થયો હોવાના અહેવાલ નથી. ઇબ્રાહિમ અઝીઝીએ નેતન્યાહુના નિવેદનના જવાબમાં આ પોસ્ટ કરી હતી. ઈરાની મીડિયા અહેવાલો અનુસાર, શેર કરવામાં આવેલા નકશામાં ઇઝરાયલનાં વિવિધ મહત્ત્વનાં માળખાં દર્શાવવામાં આવ્યાં છે. વોટર ડિસેલિનેશન પ્લાન્ટઃ સોરેક, હેડેરા, અશદોદ અને અશકેલોનનાં પ્લાન્ટનો ઉલ્લેખ છે. આ પ્લાન્ટ દરિયાના પાણીને પીવાલાયક બનાવે છે. વીજમથકોઃ ઓરોટ રાબિન અને એશ્કોલ વીજમથકોને સંભવિત નિશાન તરીકે દર્શાવવામાં આવ્યાં છે. તેલ રિફાઇનરી અને ઇંધણ સંગ્રહઃ હાઇફા અને અશદોદની તેલ રિફાઇનરી તથા ઇંધણ સંગ્રહ કેન્દ્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરમાણુ સંશોધન કેન્દ્રઃ ડિમોના સ્થિત પરમાણુ સંશોધન કેન્દ્રને પણ નકશામાં દર્શાવાયું છે. પુલ અને માર્ગોઃ મહત્ત્વના પુલો અને હાઇવે ઇન્ટરચેન્જનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ધમકી સૂચવે છે કે સંઘર્ષ વધુ વકરે તો ઈરાન માત્ર લશ્કરી સ્થળોને જ નહીં, પરંતુ ઇઝરાયલની પાણી, વીજળી, ઇંધણ અને પરિવહન જેવી આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા માળખાંને પણ નિશાન બનાવવાની વાત કરી રહ્યું છે. ઈરાનની આ ધમકી એવા સમયે આવી છે, જ્યારે અમેરિકા અને ઇઝરાયલ તરફથી સંભવિત નવા લશ્કરી હુમલાઓને લઈને તણાવની સ્થિતિ છે.

Monday 26, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ગુજરાતે હવે વિકાસ માટેનું નવું ગિયર બદલવું પડશે : નીતિ આયોગનો સ્પષ્ટ સંકેત

### દેશમાં હવે, વિકાસનો નવો દોર : ઉદ્યોગ અને રોકાણ બાદ હવે સ્કિલ, EV, રોજગાર અને નવી સેવાઓ પર ભાર

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ, તા.૨૫ :** ગુજરાત દેશમાં એક સૌથી સમૃધ્ધ અને ઔધોગિક રાજ્યોની યાદીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતની વિકાસકથા અત્યાર સુધી મુખ્યત્વે ઉદ્યોગ, રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિકાસની રહી છે. પરંતુ હવે તેમાં એક નવું પ્રકરણ ઉમેરાવાનું છે. આગામી વર્ષોમાં ગુજરાત માટે મોટો પ્રશ્ન એ નહીં રહે કે, કેટલા નવા ઉદ્યોગ આવ્યા પરંતુ મુખ્ય ગણતરી એ બાબતની થવાની છે કે, આ ઉદ્યોગોથી કેટલી સારી નોકરીઓ ઊભી થઈ, ગુજરાતના યુવાનો કેટલા કુશળ બન્યા, નવી ટેક્નોલોજીમાં રાજ્ય કેટલું આગળ વધ્યું અને વિશ્વબજારમાં ગુજરાતનું સ્થાન કેટલું મજબૂત બન્યું. તાજેતરમાં નીતિ આયોગના નીતિ-સંધાનમાં કહેવાયું છે કે, વિકાસ હવે માત્ર ઈમારતો, કારખાનાં અને રોકાણના આંકડાથી નહીં મપાય પરંતુ માણસ અને તેની ક્ષમતા પણ વિકાસનું મોટું માપદંડ બનશે. ગુજરાત પાસે ઉદ્યોગો છે, મૂડી છે, બંદરો છે, બજારો છે અને લાંબી ઔદ્યોગિક પરંપરા છે. હવે તેમાં કુશળ માનવબળ અને નવી પેઢીના રોજગારનો મજબૂત ઉમેરો થાય તો ગુજરાત આગામી વિકાસ દોડમાં વધુ આગળ નીકળી જશે.

નીતિ આયોગના ઓક્ટોબર-૨૦૨૬ના NITI-સંધાનમાં આવેલા વિવિધ અભ્યાસોનો સરળ સાર એ છે કે, આગામી વર્ષોમાં માત્ર નવા ઉદ્યોગો લાવવા પૂરતું નહીં રહે. ઉદ્યોગો માટે કુશળ માણસો, નવી ટેક્નોલોજી, ઈલેક્ટ્રિક વાહનો, વધુ સારી સેવાઓ અને નવા રોજગાર ક્ષેત્રો પણ એટલાં જ જરૂરી બનશે. ગુજરાત માટે આ સંકેત એટલા માટે મહત્વનો છે કે, રાજ્યમાં ઉદ્યોગોનું મોટું નેટવર્ક પહેલેથી જ છે. હવે આ ઉદ્યોગોને આગામી પેઢીની જરૂરિયાત સાથે જોડવાનો સમય છે.

ગુજરાતે અત્યાર સુધીમાં ઉદ્યોગો અને રોકાણના ક્ષેત્રે મોટી પ્રગતિ કરી છે પરંતુ હવે દુનિયાભરમાં ઉત્પાદનની રીત બદલાઈ રહી છે. નવી ટેક્નોલોજી આવી રહી છે અને કંપનીઓને વધુ કુશળ માણસોની જરૂર પડી રહી છે એટલે, નીતિ આયોગના મેન્યુફેક્ચરિંગ અંગેના અભ્યાસમાં પણ માત્ર ઉત્પાદન વધારવા કરતાં વધુ મૂલ્ય ધરાવતી વસ્તુઓનું ઉત્પાદન, નવી ટેક્નોલોજી અને વૈશ્વિક બજારમાં મજબૂત સ્થાન મેળવવા પર ભાર મૂકાયો છે અર્થાત ગુજરાત માટે તેનો સીધો અર્થ છે કે હવે માત્ર ઉદ્યોગ આવ્યો એટલું પૂરતું નહીં ગણાય પરંતુ હવે, ઉદ્યોગમાં ગુજરાતના યુવાનોને કેટલું કામ મળ્યું, નવી ટેક્નોલોજી કેટલી આવી અને ગુજરાતમાંથી વિશ્વબજારમાં શું નવું જઈ રહ્યું છે, તે પણ મહત્વનું બનશે.

## ચીખલીમાં RSSના સેવકોએ વિજયાદશમીની ઉજવણી કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૨૫ :** ચીખલી તાલુકા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા ચીખલી ખાતે વિજયા દશમીની ઉજવણી કરવામાં આવી સમસ્ત હિન્દુ સમાજનું સંગઠન કરી ભારત રાષ્ટ્રની સર્વાંગીણ ઉન્નતિની આ ભગીરથ સાધના વિજયા દશમીના રોજ ૧૦૧ વર્ષ પૂર્ણ કરેલ હોય આ પાવન પર્વ નિમિત્તે ચીખલી રિવરફ્રન્ટ મલ્હારેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં શસ્ત્ર પૂજન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમજ કાવેરી નદી કિનારેથી પથ સંચલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કેયુર પ્રમોદચંદ ભટ્ટ (પ્રમુખ લાયન્સ કલબ ચીખલી) તેમજ વક્તા તરીકે પ્રકાશ આનંદજી ગાલા (માં) વિભાગ સંઘ સંચાલક રાષ્ટ્રીય સ્વયં સંઘ સંચાલક વલસાડ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત સરકારે ફાયર સેફ્ટીના નવા નિયમો જાહેર કર્યા

### ૧૫ મીટરથી ઊંચી ઈમારતો માટે પ્રમાણપત્ર ફરજિયાત બનાવાયું

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા.૨૫ :** ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ફાયર સેફ્ટીના નિયમોમાં મોટા સુધારા કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા અધિકૃત રીતે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ સુધારા નિયમો ૨૦૨૬ જાહેર કરવામાં આવ્યા છે, જેનું વિગતવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી હાઈરાઈઝ ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે નિર્ધારિત શ્રેણીના ઔદ્યોગિક એકમો માટે નવા નિયમોનો અમલ ૧ એપ્રિલ, ૨૦૨૭થી થશે.

નવા નિયમો અનુસાર, આ ઉપરાંત, ૯ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા શૈક્ષણિક સંકુલો અને હોસ્પિટલો માટે પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અનિવાર્ય કરાયું છે, જેથી વિદ્યાર્થીઓ અને દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. આ નવા નિયમોના વ્યાપને વધારીને તેમાં ૫૦૦ ચોરસ મીટરથી વધુ બાંધકામ ધરાવતી હોટલો અને કોમર્શિયલ બિલ્ડિંગોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, જાહેર જનતાની ભીડભાડવાળા સ્થળો જેવા કે મંડપ, ટેન્ટ અને પંડાલ જેવા હંગામી બાંધકામો માટે પણ કડક સુરક્ષાના નિયમો લાગુ કરવામાં આવ્યા છે. સાથે જ તમામ પેટ્રોલ પંપ અને મલ્ટીલેવલ કાર પાર્કિંગ માટે પણ ફાયર સેફ્ટી પ્રમાણપત્ર ફરજિયાત કરી દેવાયું છે.

વધુમાં હોટલ, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાપારી ઈમારતો, મર્કેન્ટાઈલ બિલ્ડિંગ્સ, સ્ટોરેજ બિલ્ડિંગ્સ, જોખમી પ્રવૃત્તિઓ ધરાવતી ઈમારતો અને મિશ્ર ઉપયોગવાળી ઈમારતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આવી ઈમારતોનું કુલ બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મીટરથી વધુ હોય અથવા તેમાં નિર્ધારિત માળખાકીય શરતો લાગુ પડતી હોય તો ફાયર સેફ્ટી સર્ટિફિકેટ જરૂરી બનશે.

આ સિવાય તમામ એસેમ્બલી બિલ્ડિંગ્સ, મલ્ટિલેવલ કાર પાર્કિંગ, કોઈપણ માળે ૩૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળમાં એસેમ્બલી પ્રવૃત્તિ ધરાવતી ઈમારતો અને બે કે તેથી વધુ બેઝમેન્ટ ધરાવતી ઈમારતો માટે પણ નિયમોમાં જોગવાઈ કરવામાં આવી છે. એક બેઝમેન્ટનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મીટરથી વધુ હોય તો પણ તે આ જોગવાઈ હેઠળ આવશે.

સુધારેલા નિયમોમાં ઈમારતોની આગ સામેની સુરક્ષા માટે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઈમારતમાં પ્રવેશની વ્યવસ્થા, બહાર નીકળવાના માર્ગોની સંખ્યા અને પહોળાઈ, ફાયર ચેક ડોર, સ્મોક મેનેજમેન્ટ સિસ્ટમ, ફાયર એક્સ્ટિંગ્વિશર, ફર્સ્ટ એઈડ હોઝ રીલ, ઓટોમેટિક ફાયર ડિટેક્શન અને એલાર્મ સિસ્ટમ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઓટોમેટિક સ્પ્રિંકલર, આંતરિક હાઈડ્રન્ટ અને યાર્ડ હાઈડ્રન્ટ, ફાયર ફાઈટિંગ માટે પાણીનો સંગ્રહ, પમ્પિંગ વ્યવસ્થા, લિફ્ટ, સ્ટેન્ડબાય પાવર સપ્લાય, રેફ્યુજ એરિયા અને ફાયર કંટ્રોલ રૂમ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

## અમદાવાદમાં કોંગ્રેસની વોટ બચાવો, દેશ બચાવો અભિયાન અંતર્ગત બેઠક મળી

### ૧ નવેમ્બરે રામલીલા મેદાન દિલ્હી ખાતે દેશવ્યાપી આંદોલન

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૫ :** અમદાવાદમાં 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાન અંતર્ગત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો. બેઠકમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, અમદાવાદ શહેર પ્રમુખ સોનલ પટેલ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મતચોરી કેવી રીતે થઈ રહી હોવાના આક્ષેપો અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક કાર્યકર્તાને મતદાન મથક પર સક્રિય રહેવા અને ગેરરીતિ જણાય તો અવાજ ઉઠાવવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં અમદાવાદના તમામ વોર્ડ પ્રમુખો અને કોર્પોરેટરો પણ હાજર રહ્યા હતા.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસી આગેવાન પૃથ્વીરાજ ચૌહાણે પત્રકાર પરિષદને સંબોધતાં દેશભરમાં મતદાર યાદીઓમાં ગેરરીતિઓ અને મતદારોના નામ કમી થવાના મુદ્દે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા શરૂ કરવામાં આવેલા 'વોટ બચાવો, દેશ બચાવો' દેશવ્યાપી અભિયાન અંતર્ગત યોજાયેલી આ પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે લોકશાહીમાં જનતાને પોતાની પસંદગીની સરકાર ચૂંટવાનો અધિકાર સર્વોપરી છે અને આ અધિકારનું રક્ષણ કરવું દરેક લોકશાહીપ્રેમી નાગરિકની જવાબદારી છે. આક્ષેપ કર્યો હતો કે તાજેતરની વિવિધ ચૂંટણીઓનાં પરિણામો અને મતદાર યાદીઓના વિશ્લેષણ દરમિયાન અનેક ગંભીર વિસંગતતાઓ સામે આવી છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા હરિયાણા સહિત વિવિધ રાજ્યોની મતદાર યાદીઓ અંગે રજૂ કરવામાં આવેલા વિશ્લેષણમાં એક જ ફોટાનો વારંવાર ઉપયોગ (જેમાં હરિયાણામાં બ્રાઝિલિયન અભિનેત્રીના ફોટાનો ઉપયોગ પણ સામે આવ્યો હતો), નામોમાં વિસંગતતા અને મતદાર યાદીની વિશ્વસનીયતા અંગે સવાલો ઊભા થયા છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે મતદાર યાદીની પ્રક્રિયામાં થતી આવી ગેરરીતિઓ ચૂંટણીની નિષ્પક્ષતા પર અસર કરી શકે છે.

## દમણથી દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૫ :** ડુંગરી પોલીસ મથકમાં દારૂના ગુનાનો બે વર્ષથી ભક્તો ફરતો આરોપીને પોલીસે બાતમી આધારે દમણથી ઝડપી પાડ્યો છે. ડુંગરી પોલીસ મથકની ટીમ વોન્ટેડ આરોપીની શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન મળેલી બાતમી આધારે પોલીસે દમણમાં છાપો મારતા ડુંગરી પોલીસ મથકમાં છેલ્લા બે વર્ષથી દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી આશિષ ઉર્ફે આશિષ કોલી નરશીભાઈ ટંડેલ (ઉં.વ. ૩૬, રહે. નાની દમણ, માસ્તર શેરી, સૌરીન હોટલની પાછળ ને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી આશિષ ઉર્ફે આશિષ કોલી સામે અગાઉ પણ વિવિધ પોલીસ સ્ટેશનોમાં હજીરા પોલીસ સ્ટેશન (સુરત શહેર) ડુંગરી પોલીસ સ્ટેશન (વલસાડ) - ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩ના અલગ-અલગ ગુનાઓ પારડી પોલીસ સ્ટેશન (વલસાડ) ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન જિ. નવસારી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગીર સોમનાથ પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધનતેરસ-દિવાળી પહેલા સોના-ચાંદીમાં મોટો ઘટાડો

### ૧૦ ગ્રામ સોનું ૫૭૬૮ રૂપિયા સસ્તુ થઈ ૧,૪૨,૧૫૦ પર પહોંચ્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૫ :** તહેવારોની સિઝનમાં સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે MCXથી લઈને ઘરેલું બજાર સુધીમાં કિંમતી ધાતુઓની કિંમતમાં મોટો ઘટાડો આવ્યો છે. પાછલા સપ્તાહે માત્ર ચાર દિવસના કારોબારમાં ચાંદીનો ફુગ્ગો ફૂટી ગયો અને તે ઘરેલું બજારમાં એક ઝટકામાં ૧૬૦૦૦ રૂપિયાથી વધુ સસ્તી થઈ ગઈ છે. તો એમસીએક્સ પર હવે ચાંદી પોતાના હાઈ લેવલથી આશરે ૨.૨૪ લાખ સસ્તી મળી રહી છે. બીજીતરફ સોનાનો ભાવ પણ ધડામ થયો છે.

સૌથી પહેલા વાત કરીએ દિલ્હી સહિત દેશભરની બજારોમાં ચાંદીની કિંમતમાં થયેલા ફેરફારો વિશે, તો દિવાળી, ધનતેરસ પહેલા જ ચાંદી તૂટી ગઈ છે અને તેનો ભાવ હવે ૨ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામથી નીચે આવી ગયો છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ IBJA.Com પ્રમાણે ઘરેલું બજારમાં ૧૬ ઓક્ટોબરે ચાંદીની કિંમત ૨,૧૦,૯૧૮ રૂપિયા પર બંધ થઈ છે અને તે શુક્રવારે ૧,૯૪,૪૧૫ રૂપિયા પર આવી ગઈ એટલે કે ચાંદી ૧૬૫૦૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ ક્રેશ થઈ ગઈ છે.

ન માત્ર ઘરેલું બજારમાં, પરંતુ ચાંદીની કિંમત વાયદા કારોબારમાં પણ ક્રેશ થઈ ગઈ છે. ૪ ડિસેમ્બરની એક્સપાયરીવાળી જે ૧ કિલો ચાંદી ૧૬ ઓક્ટોબરે એમસીએક્સ પર ૨૧૧૧૮૭ રૂપિયામાં મળી રહી હતી, તે શુક્રવારે ક્રેશ થઈ ૧૯૬૧૦૦ રૂપિયા રહી ગઈ છે. આ પ્રમાણે ચાંદી ચાર દિવસમાં વાયદા કારોબારમાં ૧૫૦૮૭ રૂપિયા પ્રતિ કિલો સસ્તી થઈ ગઈ છે.

ચાંદીની કિંમતમાં આ સપ્તાહે આવેલા મોટા ઘટાડાને કારણે હવે આ કિંમતી ધાતુ પોતાના લાઈફ ટાઈમ હાઈ લેવલ ૪,૨૦,૦૪૮ રૂપિયાથી અડધા કરતા ઓછી કિંમતે મળી રહી છે. વર્તમાન ભાવની તુલના કરીએ તો ૧ કિલો ચાંદી હવે ૨૨૩૯૪૮ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. Silver Price Crash બાદ હવે વાત સોનાના ભાવમાં થયેલા ઘટાડાની કરીએ તો કિંમતી પીળી ધાતુ આ સપ્તાહે તૂટી છે. એમસીએક્સ પર સોનાનો ભાવ જુઓ તો ૪ ડિસેમ્બરની એક્સપાયરીવાળું ૧૦ ગ્રામ સોનું ૧૪૭૯૧૮ રૂપિયાથી ૫૭૬૮ રૂપિયા સસ્તુ થઈ ૧,૪૨,૧૫૦ રહી ગયું છે. તો ઘરેલું માર્કેટમાં IBJA પ્રમાણે તેની કિંમતમાં ૪૭૯૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો ઘટાડો થયો છે અને તેનો ભાવ ૧૪૬૪૨૬ રૂપિયા ઘટી ૧૪૧૬૩૦ રૂપિયા રહી ગયો છે.

## PUBLIC NOTICE

Notice is hereby given to all the concerned that, my Client intends to purchase immovable Agricultural Land situated in the District of Daman, Sub-District of Daman bearing Survey No.29/2 admeasuring about 500 Sq. Meter, situated at Village Pariyari, Moti Daman from its recorded lawful owners (1) BENJAMIN ALMEIDA, (2) STEPHEN THOMAS D'ALMEIDA & (3) VINCENT LOUIS PEREIRA. They declares and assures that they are the absolute and lawful owners and are in possession of the said Land and the title of the said Land is clear and marketable.

Therefore, if anybody is having any right, claim, title or interest whatsoever in the said Land or any part thereof is hereby called upon by this notice to lodge his/her/its claim, if any, with documentary proof to the undersigned within SEVEN (07) DAYS from the date of publication of this notice, failing which my client will presume that nobody has any right, claim, title or interest in the said Property, and if any, has abandoned the same and after completing the required legal procedure by said owners, my client will complete the sale transaction with the said Owners after notice period which may please be noted.

**Date: 24-10-2026**
**Address :-**
**Shivam Plaza, 1st Floor,**
**Kavi Khabardar Marg,**
**Nani Daman (U.T.)**

**Sd/-**
**(Sanjeev S. Bhatt)**
**Advocate**

## કાટમાળ અંગેની જાહેર હરાજી

મોજે સોનવાડા ગ્રામ પંચાયત તા.પારડી, જી.વલસાડની હદવિસ્તારમાં દરા ફળિયા ગામતળમાં આવેલ આંગણવાડી જુનુ અને જર્જરીત મકાનના કાટમાળ/બાંધકામ (ડિમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આવી જાણ કરવામાં આવે છે.

- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- આંગણવાડી મકાનનું અપસેટ વેલ્યુ ૧૦,૦૦૦/-
- **જર્જરિત મકાનની વિગત :**

સોનવાડા દરા ફ. ગામતળ આંગણવાડીનું કાન
**હરાજી સ્થળ :** દરા ફ. ગામતળ આંગણવાડી પાસે
**હરાજી સમય :** બપોરે ૧૩:૦૦ કલાકે
**તારીખ :** ૨૭/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**સોનવાડા, તા.પારડી, જી.વલસાડ**

## PERMANENT MAGNETS LIMITED

Regd Office: Harsh Avenue, 302, 3rd Floor, Opp. Silvassa Police Station, Silvassa - 396230. Dadra & Nagar Haveli (U.T.)
CIN: L27103DN1960PLC000371 • Email: investors@pmlindia.com
Phone: +91 22 68285454 • Website: www.pmlindia.com

**Unaudited Standalone and Consolidated Financial Results for the Quarter and Half Year Ended September 30, 2026**

The Unaudited Financial Results (Standalone and Consolidated) for the quarter and half year ended September 30, 2026 have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on October 24, 2026.

In compliance with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (as amended), the aforesaid results and limited review report are now being made available through Quick Response Code (QR Code) given below and the same also published on the website of the Company at www.pmlindia.com and the Stock Exchange i.e. BSE Ltd at www.bseindia.com.

For and on behalf of Board of Directors
Permanent Magnets Limited
Sd/-
Sharad Taparia
Managing Director

Date: 24/10/2026
Place: Thane

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

ટેરેસ ગળે છે ??



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા




દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyarams, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner



ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 26, October 2026

# દમણગંગા ટાઇમ્સ

## દીપડી વર્ષ બાદ ફરી પાંજરે પુરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૫ :** ચીખલી તાલુકાના કલીયારી ગામના દાદરી ફળિયા ખાતે આનંદભાઈ અરવિંદભાઈ પટેલ ની વાડીમાં ચીખલી વન વિભાગ દ્વારા એક પાંજરું ગોઠવવામાં આવ્યું હતું જે પાંજરામાં શનિવારે વહેલી સવારે એક અઢી વર્ષની કદાવર દીપડી પાંજરે પુરાતા આ વિસ્તારના રહીશોમાં રાહત થવા પામી છે વન વિભાગના પાંજરે પુરાયેલી અઢી વર્ષની દીપડી જે એક વર્ષ અગાઉ ચિતાલી ગામેથી પકડાઈ હતી આ દીપડી ઉપર ચીપ ફીટ કરતા જે ચીપના આધારે એક વર્ષ અગાઉ દીપડી પકડાયેલ હોવાનું જાણી શકાયું હતું.

## કેરળથી ડ્રગ્સ ડિ-એડિક્શનનો સંદેશ લઈને બાઈક રેલી દમણ પહોંચી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૫ :** ડ્રગ્સ-મુક્ત સમાજ બનાવવા અને યુવાનોને ડ્રગ્સથી દૂર રાખવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત ઓલ ઈન્ડિયા નેશનલ મોટરસાઈકલ રેલી દમણ પહોંચી હતી. રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૬ નિમિત્તે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત, આ રેલી કેરળના તિરુવનંતપુરમથી શરૂ થઈ હતી. દમણ પહોંચ્યા પછી, બડી દમણના લાઈટહાઉસ કોમ્પ્લેક્સ ખાતે સ્વાગત સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન, ડીઆઈજી સંતોષ મીણા, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ) એ પોલીસ કર્મચારીઓ અને હાજર અન્ય લોકોને ડ્રગ્સ ડિ-એડિક્શનના શપથ લેવડાવ્યા હતાં. આ રેલીમાં તમિલનાડુ, ગોવા, લક્ષદ્વીપ અને મહારાષ્ટ્ર સહિત ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે. દમણ પોલીસના છ નવા કર્મચારીઓ પણ રેલીમાં જોડાયા હતા. કાર્યક્રમમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડીઆઈજી સંતોષ મીણાએ ગુજરાત તરફ રેલીને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે પોલીસ અધિક્ષક કેતન બંસલ, કુમાર જ્ઞાનેશ, નાયબ કલેક્ટર આરતી અગ્રવાલ, પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

## ખડગેના વિવાદી નિવેદન સામે સાંસદ ધવલભાઈનો વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા વારંવાર ગુજરાત, ગુજરાતીઓ તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું અપમાન કરવા સામે વલસાડ-ડાંગ લોકસભા બેઠકના સાંસદ ધવલ પટેલે આકરા શબ્દોમાં વિરોધ નોંધાવી આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે આ પ્રકારના નિવેદનોને અત્યંત કમનસીબ, શરમજનક અને સખત નિંદનીય ગણાવ્યા છે. સાંસદ ધવલભાઈ પટેલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા અગાઉ પણ સમગ્ર ગુજરાત અને ગુજરાતી અસ્મિતાને ઠેસ પહોંચાડવામાં આવી છે અને હવે તમામ મર્યાદાઓ ઓળંગીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી વિરુદ્ધ અત્યંત અશોભનીય તથા નિમ્ન કક્ષાની ટિપ્પણી કરવામાં આવી છે. દેશના લોકલાડીલા વડાપ્રધાનના પરિવાર પર આવા પાયાવિહોણા અને હલકા પ્રહારોને ગુજરાત કે સમગ્ર દેશનો કોઈપણ સ્વાભિમાની નાગરિક ક્યારેય સહન નહીં કરે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે લોકશાહીમાં રાજકીય મતભેદો હોઈ શકે છે, પરંતુ કોંગ્રેસ જે પ્રકારની અરાજક અને સ્તરહીન રાજનીતિ પર ઉતરી આવી છે, તે તેની વૈચારિક નાદારી દર્શાવે છે. આ પ્રકારના હલકા સ્તરના રાજકારણ સામે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને ગુજરાતની જનતા પણ રસ્તા પર ઉતરીને જડબાતોડ જવાબ આપશે અને ઉગ્ર વિરોધ નોંધાવશે.

## વલસાડ ડેપોનો વર્કશોપ રૂ. ૭.૪૭ કરોડના ખર્ચે અત્યાધુનિક બનશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ ખાતે રૂ.૭.૪૭ કરોડના ખર્ચે નિર્માણ થનાર નવીન એસ.ટી. ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ નવીન વર્કશોપ આધુનિક ટેકનોલોજીથી વિકસિત કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી નો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વલસાડને રાજયના સૌથી જૂના ડિવિઝનોમાંનું એક છે જે આદિવાસી વિસ્તાર ના લોકો અને ખાસ કરી ને વિદ્યાર્થીઓ માટે એક ખુબજ મહત્વનો ભાગ ભજવે છે. આ માટે વલસાડ એસ.ટી. ડેપો વર્કશોપને નવીનતમ ટેકનોલોજી સાથે વિકસાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ વર્કશોપનું નિર્માણ આશરે પાંચ હજાર ચોરસ મીટર વિસ્તારમાં કરવામાં આવશે, જેથી એસ.ટી. બસોની જાળવણી અને ટેકનિકલ કામગીરીને આધુનિક સુવિધાઓ સાથે વધુ અસરકારક બનાવી શકાય. સાંસદ સભ્ય ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે વલસાડ ડેપો જૂનામાં જૂના અને મોટામાં મોટા ડેપોમાંનો એક છે, જે ગુજરાત અને મહારાષ્ટ્રને જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રોજેક્ટના અમલીકરણથી એસ.ટી. બસોની જાળવણી, સમારકામ અને કાર્યક્ષમતામાં સુધારો થવાની અપેક્ષા છે. નવીન એસ.ટી. ડેપો વર્કશોપનું નિર્માણ વલસાડના પરિવહન માળખાને આધુનિક બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ સુવિધા ભવિષ્યમાં એસ.ટી. વિભાગની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવામાં અને મુસાફરોને વધુ સારી પરિવહન સેવા પૂરી પાડવામાં ઉપયોગી સાબિત થશે.વર્કશોપના ખાતમુહૂર્ત અવસરે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરનાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કલેક્ટર નિતિન સાંગવાન, કલેક્ટર, સંગઠનના પ્રમુખ હેમંત કંસારા સહિત એસટી નિગમના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીની સોસાયટીના બંધ બંગલામાં રૂા. ૩૨ લાખની મત્તા ચોરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી વ્રજ કો-ઓ-હાઉસિંગ સોસાયટીમાં ગઈ કાલે મોડી સાંજે બંગલાનું તાળું તોડીને અજાણ્યા ચોર મોટી ચોરી કરીને ફરાર થઈ ગયાનો બનાવ સામે આવ્યો છે. આ અંગેની ફરિયાદ અજયકુમાર ભગવાનદાસ દોશી (ઉ.વ. ૬૧) એ નોંધાવી છે. તેઓ મૂળ પોરબંદરના વતની છે અને હાલ વાપી જીઆઈડીસીમાં છરવાડા રોડ પર આવેલા વ્રજ રો-હાઉસના બંગલો નં. ઈ/૪ માં રહે છે. ફરિયાદ મુજબ, ગઈ કાલે તા. ૨૪/૧૦/૨૦૨૬ના રોજ સાંજે ૬:૪૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા દરમિયાન બંગલો બંધ હતો. તે દરમિયાન કોઈ અજાણ્યા ચોરે ઘરના પહેલા માળે આવેલા બેડરૂમની બારીની લોખંડની ગ્રીલ અને લાકડાની બારી કોઈ સાધન વડે તોડીને અંદર પ્રવેશ કર્યો હતો.

ચોર બેડરૂમના કબાટમાં રાખેલા અલગ-અલગ સોનાના દાગીના જેનું વજન આશરે ૧૪૨.૬૧ ગ્રામ, ચાંદી જેનું વજન આશરે ૫૦૦ ગ્રામ અને રોકડા રૂપિયા ૧૨ લાખ મળી કુલ રૂ. ૩૨,૬૪,૪૮૨/- નો મુદ્દામાલ ચોરી કરીને નાશી છૂટ્યા હતા.

આજે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.જી. વળવી કરી રહ્યા છે.

## દિવાળી ટાંણે ખાનગી બસના ભાડામાં ત્રણ ગણો વધારો

### વાપીથી સૌરાષ્ટ્ર, રાજકોટ સુધીનું એક વ્યક્તિ પાસેથી રૂ.૨૫૦૦થી રૂા. ૩,૦૦૦ સુધીનું ભાડું વસૂલાતું હોવાની બૂમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** દિવાળીના તહેવારની શરૂઆત થતાં જ મુંબઈથી અમદાવાદ, રાજકોટ, સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશ તરફ દોડતી ખાનગી લક્ઝરી બસોના ભાડામાં અચાનક ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો હોવાની ફરિયાદો ઊઠી છે. વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમો તેમજ સુરતના હીરા અને ટેક્સટાઈલ માર્કેટમાં કામ કરતા શ્રમિકો માટે દિવાળીના તહેવારમાં વતન જવું મોંઘું બની ગયું છે. નેશનલ હાઈવે નંબર ૪૮ના માર્ગે મુંબઈથી ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિતનાં વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગારી માટે આવે છે. વાપી, વલસાડ અને સુરતના ઔદ્યોગિક એકમો તથા વેપારી સંસ્થાઓમાં કામ કરતા આ શ્રમિકો દર વર્ષે દિવાળીના તહેવારની ઉજવણી પોતાના પરિવાર સાથે કરવા વતન જતા હોય છે. જોકે, તહેવારના દિવસોમાં મુસાફરોની વધતી સંખ્યા વચ્ચે ખાનગી બસના ભાડામાં થયેલા વધારાને કારણે તેમની મુશ્કેલીઓ વધી છે.

હાલમાં ટ્રેનોમાં મર્યાદિત સુવિધાઓ અને ટિકિટની ઉપલબ્ધતાની સમસ્યાને કારણે અનેક શ્રમિકોને વતન જવા માટે ખાનગી લક્ઝરી બસનો સહારો લેવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિનો લાભ લઈને ખાનગી બસ સંચાલકો અને ટ્રાવેલ એજન્સીઓ દ્વારા મુસાફરો પાસેથી ઊંચાં ભાડાં વસૂલવામાં આવતાં હોવાની ફરિયાદો સામે આવી રહી છે. અગાઉ જે રૂ. ૬૦૦થી ૭૦૦ પ્રતિ વ્યક્તિ ભાડું હતું, તે વધીને હાલ રૂા. ૨૫૦૦થી રૂા. ૩૦૦૦ સુધી પહોંચી ગયું હોવાનું જાણવા મળે છે. સામાન્ય આવક ધરાવતા શ્રમિકો માટે આટલી મોટી રકમ ખર્ચીને પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરવા વતન જવું મુશ્કેલ બન્યું છે. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા ખાનગી બસોના ભાડા અંગે તપાસ કરવામાં આવે અને મુસાફરો પાસેથી મનસ્વી રીતે ઊંચાં વસૂલવામાં આવતા ભાડા સામે તપાસ કરી કાર્યવાહી કરવાની જરૂર છે.

## સંજાણની લૂંટમાં 'ધાર ગેંગ'નો આરોપી એમ.પી.થી ઝડપાયો : પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** ઉમરગામના સંજાણ વિસ્તારમાં રાત્રિના સમયે ઘરમાં ઘૂસી વૃદ્ધ મહિલાને ચપ્પુ બતાવી લૂંટ કરતી 'ધાર ગેંગ'ના એક સાગરીતને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મધ્યપ્રદેશ ખાતેથી પકડી પાડ્યો છે. આ સાથે ઉમરગામ, બારડોલી તથા મહારાષ્ટ્ર વિસ્તારના લૂંટ, ઘરફોડ અને વાહન ચોરીના કુલ-૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

બનાવની વિગત મુજબ ગત તા. ૨૬/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રે સંજાણ મઝા ટાહેલ એપાર્ટમેન્ટ નજીક સંજાણ બંદર નારગોલ રોડ ફરિયાદીના ઘરમાં ત્રણ અજાણ્યા ઈસમો ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષના મધ્યમ બાંધાના ગળામાં કાળું રૂમાલ બાંધેલા અને ૫ ફૂટ જેટલી શરીર પેન્ટ શર્ટ પહેરેલાં ગુજરાતી ભાષા બોલતા ઈસમોએ ફરિયાદીના બેડરૂમમાં ઘૂસી ચપ્પુ બતાવી મુખે કબાટમાંથી રોકડા રૂ. ૬૦,૫૦૦, HDFC બેંકના પીન સાથેના ATM કાર્ડ, બેંક લોકરની ચાવી, આઈફોન-૧૧ અને સોનાની નથણી મળી કુલ રૂ. ૩,૦૭,૫૦૦ ના મુદ્દામાલની લૂંટ કરી નાસી ગયા હતા. આ અંગે ઉમરગામ પોલીસમાં ગુનો નોંધાયો હતો. આ ગુનાને ઉકેલવા આઈજી પ્રેમવીર સિંહ (IPS) સુરત વિભાગ અનેએસપી યુવરાજસિંહ જાડેજા (IPS) વલસાડની સૂચના અને LCB ના પીઆઈ જે.યુ. પરમારના માર્ગદર્શન હેઠળ એલસીબી ની ટીમે ગુનાવાળી જગ્યા અને આજુબાજુના સીસીટીવી ફૂટેજ મેળવી ટેકનિકલ એનાલીસીસ હાથ ધર્યું હતું. શંકાસ્પદ ત્રણ ઈસમોની સંડોવણી અને તેઓ ગુનો કર્યા બાદ સંજાણ ખાતેથી મોટરસાયકલ ચોરી ભાગી ગયાની હકીકત મળતા ટીમે વલસાડથી મધ્યપ્રદેશ બોર્ડર સુધીના આશરે ૪૦૦ કિમી.થી વધુ રૂટના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. દરમિયાન મળેલી હકીકત આધારે ધાર ગેંગના આરોપીઓ સુમજી વેરસિંહ મોહનીયા, શુરું બાયસીંગ અનારે, બિલામ વેસ્તા અનારે ત્રણેય રહે. હેટલવાની, થાના-બાગ, તા.કુક્ષી, જી.ધાર, મધ્યપ્રદેશ નાઓ હોવાની હકીકત મળી હતી. જેમાં સુમજી વેરસિંહ મોહનીયા ધારથી ચોરીના ગુનામાં પકડાયો હોવાથી તેને જોલાવા પોસ્ટેથી ટ્રાન્સફર લઈ કબજે મેળવી ઉમરગામના લૂંટના ગુનામાં અટક કરાયો છે. પૂછપરછમાં તેણે ૭ મહિના પહેલા સંજાણના એક બંગલામાં બારીમાંથી પ્રવેશી રોકડ, મોબાઈલ અને સોનાના દાગીનાની લૂંટ અને મોટર સાયકલ ચોરી તેમજ ૯ મહિના પહેલા સંજાણના અન્ય એક બંગલામાં ચોરી અને બારડોલી તથા મહારાષ્ટ્રના વાડા વિસ્તારમાં બાઈક ચોરીની કબૂલાત કરી છે. પકડાયેલ આરોપીમાં સુમજી વેરસિંહ મોહનીયા, રહે. હેટલવાની, જી.ધાર, મ.પ્ર. વોન્ટેડ આરોપીઓમાં શુરું બાયસીંગ અનારે ,બિલામ વેસ્તા અનારે બંને રહે. હેટલવાની, જી.ધાર, મ.પ્ર.નો સમાવેશ થાય છે

## પાટીના ભંગારના ગોડાઉનમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૫ :** ગણદેવી તાલુકાના પાટીગામે પટેલ ફળિયામાં ચંદ્રિકા માતા મંદિરની સામે આવેલા ભંગારના ગોડાઉનમાં રવિવારે બપોરે અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. ગોડાઉનમાં રહેલો પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો ભંગાર આગની લપેટમાં આવતાં બળીને ખાક થયો હતો. આગની જાણ થતાં બીલીમોરા ફાયર ફાઈટરની ટીમના દિવ્યેશ, આશિષ, કમલ અને મેહુલ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર ફાઈટરોએ સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળતાં ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

## વાપીના રૂા. ૧૪ કરોડના ડ્રગ્સ પ્રકરણમાં 3 આરોપીઓને ૨ દિવસના રિમાન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** ઔદ્યોગિક નગરી વાપીમાં એક મસ મોટા નશાના રેકેટનો પર્દાફાશ થયો છે. વલસાડ જિલ્લા અને એસ.જી પોલીસ સહિત ડુંગરા પોલીસની આ કાર્યવાહીમાં જુદા જુદા ત્રણ કેસોમાં અંદાજે ૧૩.૮૯ કરોડથી વધુ ની કિંમત નો નશાનો સામાન ઝડપાયો છે.

વલસાડ જિલ્લા SOGની ટીમે જુદી જુદી ત્રણ જગ્યાએ કરેલી રેડમાં નશીલો પદાર્થ અને કરોડોનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે ૨૫૦૦ કિલોથી વધુનો નસીલો પદાર્થ સાથે ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમને પોલીસે કોર્ટ સમક્ષ રજુ કરતાં તેમને બે દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી આપવામાં આવ્યા હતાં. આ પોલીસ રિમાન્ડ દરમ્યાન કઈ નવી અને ચોંકાવનારી માહિતી પ્રાપ્ત થાય છે એના પર સૌની નજર છે.અત્યાર સુધીની તપાસમાં ચોકાવનારી હકીકત બહાર આવી છે કે આ રેકેટના તાર મહારાષ્ટ્ર અને યુપી સુધી ફેલાયા છે. આથી પોલીસે આ મામલે પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વાપીના છીરી ગાલા મસાલામાં પોલીસે અહેમદનગર રજા ગલીમાં એક મકાનમાં રેડ કરી હતી. મોહમ્મદ અમીન મોહમ્મદ બાસુ ખાનના મકાનમાં કરેલી તપાસમાં કેનોબીસ નામના નસીલા પદાર્થની ૩૮૭.૭૫૦ કિલો ગ્રામ નશિલી ગોળીઓનો જથ્થો મળી આવ્યો હતો. જેની બજાર કિંમત ૧.૯૩ કરોડ ની હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. આ કાર્યવાહી દરમ્યાન બાતમી મળી કે આ નશીલો પદાર્થ દાદરા નગર હવેલી ની બોર્ડર નજીક થી લાવવામાં આવ્યો હતો.

આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દાદરા નગર હવેલી અને ગુજરાતની હદ પર તીઘરા રોડ પર પ્રદીપ ઉર્ફે મનુ વર્માની દુકાનમાં રેડ કરી હતી.

આ દુકાન માંથી પણ ૧૦.૯૩ કરોડની કિંમતના ૨૧૪૭ કિલો કેનોબીસની ગોળીઓનો જથ્થો મલી આવ્યો હતો.

ત્યારબાદ વાપીની ડુંગરા પોલીસે પણ બોલાવ્યો સપાટો બોલાવી લેકવ્યુ રેસીડેન્સી માંથી કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બિસ્વાલના ઘરમાંથી પણ ૧.૨૧ કરોડની કિંમત ની ૨૪૩ કિલો જેટલી નસીલી કેનોબીસ ની ગોળીઓ ઝડપાઈ હતી.

નશાના આ રેકેટના પર્દાફાશ દરમિયાન પોલીસે અત્યાર સુધી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે ૩ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓમાં મોહમ્મદ અમીન મોહમ્મદ ખાન, પ્રદીપ ઉર્ફે મનનુ રામતીર્થ વર્મા અને કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બીશ્વાલની ધરપકડ કરી હતી. જ્યારે અનુરાગ ગુપ્તા અને સલમાન ઈકબાલ અને બનમાલી પ્રભાકર પાતરા નામના આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ નશાના પાવડરમાંથી નશાની ગોળીઓ બનાવી વાપી અને સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના ઔદ્યોગિક વિસ્તારોમાં પાનના ગલ્લાઓ અને નાની દુકાનોમાં સપ્લાય કરતા હતા.

સાથે જ અત્યાર સુધીની તપાસમાંચોકાવનારીહકીકત બહાર આવીછે કે આ રેકેટના તાર મહારાષ્ટ્ર અને યુપી સુધી ફેલાયા છે. આથી પોલીસે આ મામલે પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

મહત્વપૂર્ણ છે કે ઔદ્યોગિક નગરી વાપી અને આસપાસના વિસ્તારમાં અગાઉ પણ નશાના રેકેટનો પર્દાફાશ થઈ ચૂક્યો છે.

Vapi Green Enviro Limited – Tender Notice

Vapi Green Enviro Limited (VGEL) is Inviting sealed offer for Tender for Supply and Application of Industrial Grade Paints for (1) Civil Building (Interior and Exterior) and (2) MS Plant Structure at CETP, COE, CSWP Site. Tender may be downloaded from 24-10-2026 onwards. Last submission date till 17/11/2026. Interested parties with similar type of work experience may download the tender documents from www.vgelvapi.com or request e-mail to dgm.purchase@vgelvapi.com or call 9714000828.

દમણગંગા ટાઈમ્સમાં
શ્રદ્ધાંજલિ અને બેસણું
તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ
નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો
ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**